MANOGAT • Year 40 • Issue 19 • 10 January 2022 • Posh Sud 8, Samvat 2078 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





# મનોગત

## પાકિસ્તાન બોર્ડરથી નજીક જ પ્રધાનમંત્રીને જીવના જોખમમાં મૂકવાનું પંજાબ કોંગ્રેસનું ગુનાહિત કૃત્ય



## પ્રધાનમંત્રીને કરોડો દેશવાસીઓના પ્રેમનું સુરક્ષા કવચ

## દિવ્ય કાશી, ભવ્ય કાશી

### સાબરમતીના તટે ધર્માચાર્ય આશીર્વાદ સમારોહમાં સાધુસંતો, પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિની તસવીરો














Year : 40, Issue : 19, Pages : 28

## તંત્રીસ્થાનેથી

### કોંગ્રેસ શાસીત પંજાબની શરમજનક ઘટના

## કોંગ્રેસ કોઈપણ હદ સુધી જઈ શકે તેવા નાપાક ઇરાદાઓ સેવતી પાર્ટી

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

પ્રધાનમંત્રી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીની પંજાબ મુલાકાત વખતે ઘટેલી ઘટના જરા પણ સામાન્ય ઘટના નથી. સમગ્ર દેશે ખૂબ જ ગંભીરતાથી આ બાબતને ધ્યાને લેવી જ જોઈશે.

(૧) વૈકલ્પિક માર્ગની મંજૂરી પંજાબ પોલીસે આપ્યા પછી જ કાફલો આગળ વધ્યો હતો (૨) કેટલાક લોકોએ રસ્તો સાવ બ્લોક કરી દીધો તેની ખબર કાફલો ત્યાં પહોંચ્યો ત્યારે જ પંજાબ પોલીસને પણ થઈ !(૩) SPG એ આ બાબતની જાણ પંજાબ પોલીસને કરી ત્યારે પોલીસ લૂલો બચાવ કરવા લાગી !(૪) ૨૦ મિનિટ સુધી કાફલો ત્યાં ઊભો રહ્યો પછી પંજાબ પોલીસે SPGને કહ્યું - આગળ નહીં જઈ શકાય પરત આવી જાવ !(૫) જે લોકોએ રોડ બ્લોક કર્યો તેમની સામે માત્ર રૂા. ૨૦૦/-માં પોલીસ સ્ટેશનમાં જ એજ દિવસે જામીન મળી જાય તેવી નામ માત્રની કલમો પંજાબ પોલીસે FIRમાં લગાવી !(૬) અને સૌથી ખરાબ બાબત એ છે કે ખુદ પંજાબના મુખ્યમંત્રીના મુખ પર શરમ હોવી જોઈએ તેના બદલે તે પ્રધાનમંત્રીને સલાહ આપે છે કે - શ્રી નરેન્દ્રભાઈએ ગાડીની બહાર આવીને એ લોકો સાથે વાત કરવી જોઈએ !

**મિત્રો, પાકિસ્તાન બોર્ડરથી માત્ર ૨૦-૩૦ કિ.મી. દૂરની આ જગ્યા પર ગયા સપ્ટેમ્બર માસમાં જ આતંકવાદી કૃત્યો થયાં હતાં. બોમ્બ બ્લાસ્ટ અને આતંકવાદી મૂઠભેડ આ બાજુની જગ્યાની આસપાસની સામાન્ય બાબત છે. આવા સંજોગોમાં બુલેટપ્રુફ ગાડીમાંથી પ્રધાનમંત્રી બહાર નીકળે તેવી સલાહ જ કોઈ મોટા ષડયંત્રની શંકા વ્યક્ત કરે છે. કોંગ્રેસના પોતાના પ્રધાનમંત્રીઓનો ઇતિહાસ દેશથી અજાણ્યો નથી જ.**

કોંગ્રેસ કોઈપણ હદ સુધી જઈ શકે તેવા નાપાક ઇરાદાઓ સેવતી પાર્ટી છે. આ દેશની સંસ્કૃતિના પૂજારી એવા શ્રી નરેન્દ્રભાઈની દેશમાં અને વૈશ્વિક સ્તરની લોકપ્રિયતા અને સામા પક્ષે દેશમાં કોંગ્રેસના પતન તરફના ગમનમાં કોંગ્રેસ નબળા લોકોનો હાથો બની જ ગઈ છે. વિદેશી વિરોધીઓ અને સ્થાનિક ગદ્દારો આવનારા સમયમાં આવી જ કોઈ ને કોઈ ઘટનાને અંજામ આપવા તક શોધતા જ હોય ત્યારે સૌએ વિચારપૂર્વક સજાગ રહેવાની અત્યંત આવશ્યકતા છે.

હું અંગત રીતે એવું માનું છું કે માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી પર આ દેશના કરોડો લોકોના પ્રેમ અને લાગણીનું ઈશ્વર નિર્મિત સુરક્ષાચક્ર છે જ, પરંતુ આવો, આ પંજાબ ઘટનાને ગંભીરતાથી લઈ તેમની સુરક્ષા માટે સંબંધિત તંત્રને શ્રેષ્ઠ સહયોગ આપી તેમના દીર્ઘાયુ માટે ભગવાન રામને પ્રાર્થના કરીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ


પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# પંજાબમાં કોંગ્રેસ દ્વારા થયેલી આ ઘટના એ વાતનું ટ્રેલર છે કે કોંગ્રેસ કેવું નકારાત્મક વિચારે છે અને કેવાં નાપાક કામો કરે છે

ગત ૫મી જાન્યુઆરી અને બુધવારે પંજાબના ફિરોઝપુરમાં કરોડોના હૃદયસમ્રાટ, યુગદ્રષ્ટા તેમજ પ્રધાનસેવક એવા ભારતના પ્રધાનમંત્રી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની રેલી યોજાવાની હતી, પરંતુ સુરક્ષામાં ભારે ખામીને કારણે વડા પ્રધાન રેલીમાં ભાગ લઈ શક્યા નહીં. ખરાબ હવામાનને કારણે ઍરપૉર્ટથી પીએમનો કાફલો હુસૈનીવાલા સ્થિત રાષ્ટ્રીય શહીદ સ્મારક માટે રવાના થયો હતો. જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો કાફલો શહીદ સ્મારકથી લગભગ ૩૦ કિલોમીટર દૂર ફ્લાયઓવર પર પહોંચ્યો ત્યારે જાણવા મળ્યું કે કેટલાક પ્રદર્શનકારીઓએ રસ્તો રોકી દીધો હતો. આ કારણે વડા પ્રધાનનો કાફલો ૧૫થી ૨૦ મિનિટ સુધી ફ્લાયઓવર પર અટકી પડ્યો હતો. આ ઘટના પાછળ કૉંગ્રેસનો 'ખૂની ઈરાદો' જવાબદાર છે એ જ વાસ્તવિકતા છે. પંજાબના મુખ્ય મંત્રી ચરણજિતસિંહ ચન્નીએ બુધવારે સાંજે એક પ્રેસ-કૉન્ફરન્સમાં કહ્યું હતું કે, વડાપ્રધાનની સુરક્ષાને કોઈ ખતરો નહોતો. પંજાબ સરકારની આમાં કોઈ ભૂમિકા નહોતી; પરંતુ પંજાબમાં કૉંગ્રેસની સરકાર છે અને વડા પ્રધાનની મુલાકાત વખતે સુરક્ષા કરવાની જવાબદારી તેમની હતી.

વડા પ્રધાનનો કાફલો લગભગ ૧૫ મિનિટ સુધી સરહદી વિસ્તારમાં અટવાય, એ સુરક્ષામાં મોટી ખામી ગણાય. આ મોટી સુરક્ષા વ્યવસ્થામાં આ ગંભીર ચૂક પણ છે અને કોંગ્રેસની માનસિકતામાં આવેલ ચૂંક પણ છે, કારણ કે સરહદી રાજ્યમાં જો વડા પ્રધાનનો કાફલો ઓવરબ્રિજ પર ૧૫-૨૦ મિનિટ સુધી કેદ થઈને રહે તો સુરક્ષાની દૃષ્ટિએ આ અતિ ગંભીર બાબત છે. પીએમ જ્યાં પણ જાય, ત્યાં તેમની સુરક્ષાની જવાબદારી એસપીજીની તો હોય જ, પરંતુ સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારની હોય છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જવાબદારી પોલીસની છે.

થોડી ટેકનિકલ બાબતો ઉપર દૃષ્ટિપાત કરીએ તો માલૂમ પડશે કે આ ચૂક અને ચૂંક બન્ને કેવી રીતે હતાં. ભટિંડાથી ફિરોઝપુરનું અંતર લગભગ ૧૧૦ કિલોમીટર છે. ભટિંડા ઍરપૉર્ટ પહોંચ્યા પછી વડા પ્રધાને આગળ જવું હતું, પણ હવામાન ખરાબ હતું, ત્યાં થોડો સમય રોકાયા અને હવામાનમાં સુધારાની રાહ પણ જોઈ, પરંતુ ત્યારબાદ રોડથી જવાનું નક્કી કર્યું. આ પરિસ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા આકસ્મિક તૈયારીઓ તો કરવામાં આવે જ છે, તેમ છતાં પણ રાજ્ય સરકાર દ્વારા કોઈપણ આકસ્મિક સંજોગોમાં વડા પ્રધાનની મુલાકાત માટે વૈકલ્પિક માર્ગો અને પાસાંઓની તૈયારી રાખવામાં આવતી હોય આવે છે. રોડ દ્વારા જવાની મંજૂરી આપવામાં આવે તો એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે પંજાબ પોલીસ દ્વારા ક્લિયરન્સ અપાયું જ હોય કે રૂટ છે. આમ પણ જ્યારે પીએમનો કાફલો ચાલે, ત્યારે રાજ્ય પોલીસે આગળ ચાલવાનું જ હોય છે અને આ કિસ્સામાં પણ ચાલતી હતી. ૧૧૦ કિલોમીટર લાંબા રૂટ પર પણ દરેક જગ્યાએ પોલીસ તહેનાત કરવાની હોય છે માટે આ રૂટને લાંબો ગણી સુરક્ષા વ્યવસ્થા ન ગોઠવી શકાય, એ કોંગ્રેસનો લુલો અને નફ્ફટ બચાવ છે.




અન્ય એક દૃષ્ટિકોણ જોઈએ તો કેટલાક લોકોએ રસ્તો બ્લૉક કરી દીધો હતો. એનો અર્થ એ કે રસ્તે જઈ રહેલા વડા પ્રધાનના કાફલાની માહિતી લીક થઈ ગઈ હતી; જે સ્પષ્ટ દર્શાવે છે કે પંજાબ કોંગ્રેસે જ આ માહિતી લીક કરી છે. આ જે સ્તરનું કાવતરું છે તેની મંજૂરી સ્વાભાવિક રીતે પંજાબ કોંગ્રેસે તેના પ્રદેશ અને કેન્દ્રીય મોવડી મંડળ એટલે કે નવજોત સિંઘ

## હિરેન કોટક





**મુખ્યપ્રધાન ચરણજિતસિંહ ચન્નીએ ફોન પર વાત કરવાનો ઇન્કાર કર્યો એ બાબત અત્યંત દુઃખદ છે - શ્રી જે. પી. નડ્ડાજી**

**શ્રી નડ્ડાજીએ આ મુદ્દે પંજાબ સરકાર પર પ્રહાર કર્યા હતા. નડ્ડાજીએ આરોપ લગાવ્યો હતો કે આ દુઃખની વાત છે કે પંજાબ માટે ૮૩ હજાર કરોડના વિકાસ પ્રોજેક્ટ શરૂ કરવા માટે આવેલા વડાપ્રધાનનો પ્રવાસ અવરોધાયો છે. શ્રી નડ્ડાજીએ જણાવ્યું હતું કે મુખ્યપ્રધાન ચરણજિતસિંહ ચન્નીએ ફોન પર વાત કરવાનો ઈન્કાર કર્યો એ બાબત અત્યંત દુઃખદ છે.**

સિધ્ધુ, સોનિયા ગાંધી તેમજ રાહુલ ગાંધીની આમ કરવાની લીલી ઝંડી મેળવીને જ પ્રાપ્ત કરી છે. આ ઘટનામાં કોંગ્રેસના મલિન ઈરાદાઓ બર નથી આવ્યા, પરંતુ કોંગ્રેસ કયા નિમ્ન સ્તરે જઈ શકે છે કે એ દેશના નાગરિકો સમક્ષ ખુલ્લું પડી ગયું છે.

આ આખી ઘટનામાં જે સવાલો ઊભા થયા છે તે એ છે કે, વડાપ્રધાનની સુરક્ષા માટે બનાવેલા નિયમોની બ્લૂ બુક પ્રમાણે વડાપ્રધાનના પ્રવાસના ૪૮ કલાક પહેલાં જે તે વિસ્તારના હવામાનનું ઈનપુટ લેવામાં આવે છે. તો વડાપ્રધાનના પ્રવાસ માટે પ્લાન બી મુજબ સડકમાર્ગ ખુલ્લો રખાયો કેમ નહીં ? બીજો સવાલ એ થાય છે કે વડાપ્રધાને જે માર્ગે પ્રવાસ કર્યો તે માર્ગ ક્લિયર ન હતો તો એસપીજીએ પ્રવાસ કરવાની મંજૂરી કેમ આપી ? ત્રીજો સવાલ એ ઊભો થાય છે કે, રાજ્યના પોલીસવડાએ વડાપ્રધાનનો માર્ગ ક્લિયર હોવાનું કહી મંજૂરી આપી હોય તો શું રાજ્યના ડીજીપીને ખબર ન હતી કે વડાપ્રધાનના પ્રવાસમાર્ગ પર દેખાવકારો રસ્તો બ્લોક કરીને બેઠા છે? આ બધા સવાલો એ દિશામાં આંગળી ચીંધે છે કે, પંજાબ સરકાર અને પંજાબ પોલીસ કોઈક માહિતી છુપાવી રહી છે અને વડાપ્રધાનનો કાફલો રસ્તા પર અટકી શકે છે તેની જાણ હોવા છતાં ચૂપ રહી વડાપ્રધાનને એરપોર્ટ પરથી ફિરોઝપુર જવા ગ્રીન સિગ્નલ આપ્યું. આ આખી વાત સંવેદનશીલ એટલા માટે પણ છે કે, વડાપ્રધાનનો કાફલો જે જગ્યાએ અટક્યો તેનાથી થોડાક કિલોમીટર દૂર જ પાકિસ્તાનની સરહદ આવે છે. આ સંજોગોમાં વાત ખૂબ જ સંવેદનશીલ બની જાય છે.

### પીએમની સુરક્ષામાં ચૂકની અનોખી FIR

ફિરોજપુરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાફલાને રોકવાની સજા માત્ર ૨૦૦ રૂપિયા છે, કારણ કે પંજાબ પોલીસે ઘટનામાં જે એફઆઈઆર દાખલ કરી છે તેમાં આઈપીસીની કલમ ૨૮૩ લગાવાઈ છે. આ કલમ હેઠળ ૨૦૦ રૂપિયાના દંડની જોગવાઈ છે અને આરોપીને પોલીસ સ્ટેશનમાંથી જ જામીન મળી જાય છે. આરોપીએ કોર્ટ સુધી જવાની



**લોકો દ્વારા વારંવાર નકારવાથી કોંગ્રેસ પક્ષે સાનભાન ગુમાવી દીધાં છે - શ્રી અમિતભાઈ શાહ**

**ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે વડાપ્રધાનની સુરક્ષામાં થયેલી ચૂક એ બેદરકારીનો નમૂનો છે. આ અસ્વીકાર્ય છે અને તેની જવાબદારી નક્કી કરાશે. તેમણે ટ્વિટ કરીને કહ્યું કે ગૃહમંત્રાલયે આ મામલે વિસ્તૃત રિપોર્ટ માંગ્યો છે. પંજાબમાં કોંગ્રેસ દ્વારા થયેલી આ ઘટના એ વાતનું ટ્રેલર છે કે કોંગ્રેસ કેવું વિચારે છે અને કેવું કામ કરે છે. લોકો દ્વારા વારંવાર નકારવાથી પક્ષે સાનભાન ગુમાવી દીધાં છે. કોંગ્રેસના ટોચના નેતાઓએ દેશની માફી માંગવી જોઈએ. પંજાબ સરકારે વધારાની સુરક્ષા કરવાની જરૂર હતી પરંતુ તેમાં પણ બેદરકારી દાખવવામાં આવી છે.**

પણ જરૂર નથી. પંજાબ પોલીસે એફઆઈઆરમાં કોઈનું નામ પણ નથી લખ્યું. આશ્ચર્યની વાત તો એ છે કે ફરિયાદમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાફલાને રોક્યો હોવાની વાતનો કોઈ ઉલ્લેખ જ નથી. એસપીજી એક્ટ પણ લગાવાયો નથી.

●



# આપણી સામૂહિક શક્તિ જ કોરોનાને હરાવશે
## - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

**મારો દાયકાનો અનુભવ છે કે મીડિયાની ચમક-દમકથી દૂર, સમાચારપત્રોની હેડલાઇન્સથી દૂર, એવા કરોડો લોકો છે જે ઘણુબધું સારું કામ કરી રહ્યા છે**

મારા વહાલા દેશવાસીઓ, નમસ્કાર.

અત્યારે તમે ૨૦૨૧ને વિદાય આપી રહ્યા છો અને ૨૦૨૨ના સ્વાગતની તૈયારીમાં જોડાઈ ગયા છો. નવા વર્ષે દરેક વ્યક્તિ, દરેક સંસ્થા આવનારા વર્ષ માટે કંઈક વધુ સરસ કરવા માટેના તેમજ બનવા માટેના સંકલ્પ લે છે. પાછલાં સાત વર્ષોથી આપણી ‘મન કી બાત’ પણ વ્યક્તિનાં, સમાજનાં, દેશનાં સારા પાસાંઓને ઉજાગર કરી, અને સારા બનવા માટેની પ્રેરણા આપતી આવી છે. આ સાત વર્ષોમાં, ‘મન કી બાત’ કરતાં કરતાં હું સરકારની ઉપલબ્ધિઓ પર પણ ચર્ચા કરી જ શકતો હતો. તમને લોકોને પણ સારું લાગતું, તમે લોકોએ વખાણ પણ કર્યાં હતાં, પરંતુ મારો દાયકાનો અનુભવ છે કે મીડિયાની ચમક-દમકથી દૂર, સમાચારપત્રોની હેડલાઇન્સથી દૂર, એવા કરોડો લોકો છે જે ઘણુંબધું સારું કામ કરી રહ્યા છે. તેઓ દેશની આવતીકાલ માટે પોતાના પ્રયત્નો થકી પોતાની આજને ન્યોછાવર કરી રહ્યા છે. તેઓ દેશની આવનારી પેઢીઓ માટે પોતાના પ્રયત્નો થકી આજે દિલથી કાર્યરત છે. આવા લોકોની વાત ખૂબ શાંતિ આપે છે, ઊંડી પ્રેરણા આપે છે. મારા માટે ‘મન કી બાત’ હમેશાથી એવાં લોકોના પ્રયત્નોથી જ ભરપૂર છે, ફળદ્રુપ, સજાવાયેલો એક સુંદર બગીચા સમાન રહ્યું છે. અને ‘મન કી બાત’માં દર મહિને મારી મહેનત એ જ વાત માટે રહે છે કે આ બગીચાની કઈ પાંખડી આપ સૌ વચ્ચે લઈને આવું. મને ખુશી છે કે આપણી બહુરત્ના વસુંધરાનાં પુણ્યકાર્યોનો અવિરત પ્રવાહ નિરંતર વહેતો રહે છે. અને આજે જ્યારે દેશ ‘અમૃત મહોત્સવ’ ઊજવી રહ્યો છે ત્યારે આ જનશક્તિ છે, જન-જનની શક્તિ છે, તેમનો ઉલ્લેખ, તેમના પ્રયત્નો, તેમની મહેનત, ભારતના અને માનવતાના ઉજ્જવળ ભવિષ્ય માટે ખાતરી આપી રહ્યું છે.

**આપણે દરેક મુસીબતના સમયે એકબીજા સાથે, એક પરિવારની જેમ ઊભા રહ્યા**

સાથીઓ, આ જનશક્તિની તાકાત છે, સૌનો પ્રયત્ન છે કે ભારત ૧૦૦ વર્ષમાં આવેલ સૌથી મોટી મહામારી સામે લડી શક્યું. આપણે દરેક મુસીબતના સમયે એકબીજા સાથે, એક પરિવારની જેમ ઊભા રહ્યા. આપણા વિસ્તાર અથવા શહેરમાં કોઈની મદદ કરવી હોય, તો જેનાથી જે શક્ય બન્યું તેનાથી વધુ કરવાના પ્રયત્નો કર્યા. આજે વિશ્વમાં વેક્સિનેશનના જે આંકડા છે, તેની તુલના ભારત સાથે કરીએ તો જણાય છે કે દેશે કેટલું અભૂતપૂર્વ કામ કર્યું છે, કેટલું મોટું લક્ષ્ય હાસલ કર્યું છે. વેક્સિનનો ૧૫૦ કરોડ માટેનો ડોઝ



પૂરો કરવો, પ્રત્યેક ભારતીયની પોતાની ઉપલબ્ધિ છે. આ પ્રત્યેક ભારતીયનો વ્યવસ્થા પર વિશ્વાસ દર્શાવે છે, વિજ્ઞાન પર વિશ્વાસ દર્શાવે છે, વૈજ્ઞાનિકો પર વિશ્વાસ દર્શાવે છે, અને સમાજ પ્રત્યે પોતાની જવાબદારીઓને નિભાવી રહેલ, આપણા ભારતીયોની ઇચ્છાશક્તિનું પ્રમાણ પણ છે. પરંતુ સાથીઓ, આપણે એ પણ ધ્યાન રાખવાનું છે કે કોરોનાનો એક નવો વેરિયન્ટ ટકોરા મારી ચૂક્યો છે. પાછળનાં બે વર્ષોનો આપણો અનુભવ છે કે આ વૈશ્વિક મહામારીને ખતમ કરવા માટે એક નાગરિક તરીકે આપણો પોતાનો પ્રયત્ન ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આ જે નવો ઓમિક્રોન વેરિયન્ટ આવ્યો છે, તેનું સંશોધન આપણા વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. દરરોજ તેમને નવો ડેટા મળી રહ્યો છે, તેમની સલાહો પર કામ થઈ રહ્યું છે. આવા સમયે પોતાની સતર્કતા, પોતાની શિસ્ત, કોરોનાના આ વેરિયન્ટની વિરુદ્ધ દેશની ખૂબ મોટી શક્તિ બની રહેશે. આપણી સામૂહિક શક્તિ જ કોરોનાને હરાવશે, આ જ



દાયિત્વબોધ સાથે આપણે વર્ષ ૨૦૨૨માં પ્રવેશ કર્યો છે.

**તમે શાળામાં સામાન્ય હોઈ શકો છો પરંતુ તેમ હોવું એ જીવનમાં આવનારી વસ્તુઓનો કોઈ માપદંડ નથી**

મારા વહાલા દેશવાસીઓ, મહાભારતના યુદ્ધ વખતે, ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યું હતું - 'नभः स्पृशं दीप्तम्' એટલે કે ગર્વ સાથે આકાશને આંબજે. આ ભારતીય વાયુસેનાનું આદર્શ વાક્ય પણ છે.

મા ભારતીની સેવામાં વ્યસ્ત અનેક જીવન આકાશની ઊંચાઈને ગૌરવ સાથે સ્પર્શે છે, આપણને ઘણું બધું શીખવે છે. આવું જ જીવન રહ્યું છે ગ્રૂપ કેપ્ટન વરુણ સિંહનું, વરુણ સિંહ, તે હેલિકોપ્ટરને ઉડાવી રહ્યા હતા જે આ મહિને તમિલનાડુમાં અકસ્માતનો ભોગ બન્યું. તે અકસ્માતમાં આપણે, દેશના પ્રથમ સીડીએસ જનરલ બિપિન રાવત અને તેમનાં પત્ની સાથે કેટલાય વીરોને ગુમાવ્યા. વરુણ સિંહ પણ મૃત્યુ સામે વીરતાપૂર્વક લડ્યા, પરંતુ આખરે તેઓ આપણને છોડીને જતા રહ્યા. વરુણ જ્યારે હોસ્પિટલમાં હતા, તે સમયે મેં સોશિયલ મીડિયા પર એવું જોયું, જે મારા દિલને સ્પર્શી ગયું. આ વર્ષે ઓગસ્ટમાં જ તેમને શૌર્યચક્ર આપવામાં આવ્યો હતો. આ સન્માન મળ્યા પછી તેમણે તેમના સ્કૂલના આચાર્યને એક પત્ર લખ્યો હતો. તે પત્ર વાંચીને મારા મનમાં પહેલો વિચાર આવ્યો કે સફળતાના શિખરે પહોંચીને પણ તે મૂળિયાંને પોષણ આપવાનું નથી ભૂલ્યા. બીજું — કે જ્યારે તેમની પાસે ઉજવણી કરવાનો સમય હતો ત્યારે તેમણે આગામી પેઢીઓની ચિંતા કરી. તેઓ ઈચ્છતા હતા કે જે સ્કૂલમાં તેઓ ભણ્યા, ત્યાંના વિદ્યાર્થીઓનું જીવન પણ ઉજવણીરૂપ બની રહે. પોતાના પત્રમાં વરુણસિંહજીએ પોતાના પરાક્રમનાં વખાણ નથી કર્યાં પરંતુ પોતાની અસફળતાઓની વાત કરી છે. કેવી રીતે તેમણે પોતાની ઊણપોને તેમની કાબેલિયતમાં ફેરવી, તેની વાત કરી છે. પત્રમાં એક જગ્યાએ તેમણે લખ્યું છે — 'સાધારણ હોવું બરાબર છે. દરેક જણ શાળામાં શ્રેષ્ઠ નથી હોતું અને દરેક જણ ૯૦ ટકા સ્કોર નથી કરી શકતું. જો તમે કરો છો, તો તે એક અદ્‌ભુત સિદ્ધિ છે અને તેને બિરદાવવી જ જોઈએ. જો કે, તમે ન કરો, તો એવું ન વિચારો કે તમે સામાન્ય છો. તમે શાળામાં સામાન્ય હોઈ શકો છો પરંતુ તેમ હોવું એ જીવનમાં આવનારી વસ્તુઓનો કોઈ માપદંડ નથી. તમારા અંતરાત્માના અવાજને સાંભળો; તે કલા, સંગીત, ગ્રાફિક ડિઝાઈન, સાહિત્ય વગેરે હોઈ શકે છે. તમે જે પણ ક્ષેત્રમાં કામ કરો છો, સમર્પિત રહો. તમારું શ્રેષ્ઠ કરો. ક્યારેય નકારાત્મક વિચારોમાં ન જાવ, હું હજી વધારે પ્રયત્નો કરી શક્યો હોત.'

સાથીઓ, સરેરાશથી અસાધારણ બનવાનો તેમણે જે મંત્ર આપ્યો છે, તે પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે. આ જ પત્રમાં વરુણ સિંહે લખ્યું છે - 'ક્યારેય આશા ના છોડવી. ક્યારેય એવું ન વિચારો કે તમે જે બનવા માંગો છો તેમાં તમે સારા બની શકતા નથી. તે સરળ નથી, તે સમય અને આરામનો ભોગ (બલિદાન) લેશે. હું સામાન્ય હતો, અને આજે, હું મારી કારકિર્દીમાં મુશ્કેલ સીમાચિહ્નો પર પહોંચી ગયો છું. એવું ન વિચારો કે ૧૨મા ધોરણના બોર્ડનાં માર્ક્સ નક્કી કરે છે કે તમે જીવનમાં શું હાંસલ કરવા સક્ષમ છો. તમારામાં વિશ્વાસ રાખો અને તેના માટે કામ કરો.' વરુણે લખ્યું હતું કે જો તેઓ એક પણ વિદ્યાર્થીને પ્રેરણા આપી શકે તો તે પણ ઘણું હશે. પરંતુ આજે હું કહેવા માંગુ છું કે, - તેમણે સમગ્ર દેશને પ્રેરણા આપી છે. તેમનો પત્ર ભલે માત્ર વિદ્યાર્થીઓ સાથે વાત કરતો હોય પરંતુ તેમણે આપણા પૂરા સમાજને સંદેશો આપ્યો છે.

**પરીક્ષા પર ચર્ચા**

સાથીઓ, દર વર્ષે હું આવા જ વિષય પર વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા પર ચર્ચા કરું છું. આ વર્ષે પણ પરીક્ષા પહેલાં હું વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવાનું પ્લાનિંગ કરી રહ્યો છું. આ કાર્યક્રમ માટે બે દિવસ પછી ૨૮ ડિસેમ્બરથી MyGov.in પર રજિસ્ટ્રેશન પણ શરૂ થવા જઈ રહ્યું છે. આ રજિસ્ટ્રેશન ૨૮ ડિસેમ્બરથી ૨૦ જાન્યુઆરી સુધી ચાલશે. તેના માટે ક્લાસ ૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતા-પિતા માટે ઓનલાઈન કોમ્પિટિશનનું પણ આયોજન યોજાશે. હું ઈચ્છીશ કે, આપ સૌ તેમાં જરૂર ભાગ લો. આપ સૌને મળવાની તક મળશે. આપણે સૌ મળીને પરીક્ષા, કરિયર, સફળતા અને વિદ્યાર્થીઓના જીવન સાથે જોડાયેલ અનેક પાસાંઓ પર મંથન કરીશું.

**વંદે માતરમ્‌માં જે ભાવ ગર્ભિત છે, તે આપણને ગર્વ અને જુસ્સાથી ભરી દે છે**

મારા વહાલા દેશવાસીઓ, 'મન કી બાત'માં, હવે હું તમને કંઈક



સંભળાવવા જઈ રહ્યો છું, જે સીમા પાર, ક્યાંક ખૂબ દૂરથી આવી છે. આ તમને આનંદિત પણ કરશે અને આશ્ચર્યચકિત પણ કરશે -

Vocal #(Vande Matram)

वन्दे मातरम्। वन्दे मातरम्।
सुजलां सुफलां मलयज शीतलाम्
शस्यशामलां मातरम्। वन्दे मातरम्
शुभ्र ज्योत्स्ना पुलकितयामिनीं
फूलकुसुमिता द्रुमदलशोभिनीं
सुहासिनीं सुमधुर भाषिणीं
सुखदां वरदां मातरम्॥ १॥
वन्दे मातरम्। वन्दे मातरम्।

મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ સાંભળીને તમને સૌને ખૂબ સારું લાગ્યું હશે, ગર્વની અનુભૂતિ થઈ હશે. વંદે માતરમ્‌માં જે ભાવ ગર્ભિત છે, તે આપણને ગર્વ અને જુસ્સાથી ભરી દે છે.

સાથીઓ, આપ એ જરૂર વિચારી રહ્યા હશો કે, આ સુંદર ઓડિયો ક્યાંનો છે, કયા દેશથી આવ્યો છે? આનો જવાબ આપના આશ્ચર્યમાં વધારો કરી દેશે. વન્દે માતરમ્‌ની પ્રસ્તુતિ આપનારા આ વિદ્યાર્થીઓ ગ્રીસના છે. ત્યાં તેઓ ઈલીયાની ઉચ્ચ માધ્યમિક સ્કૂલમાં ભણે છે. તેમણે જેટલી સુંદરતાથી અને ભાવથી 'વંદે માતરમ્' ગાયું છે તે અદ્‌ભુત અને પ્રશંસનીય છે. આવા જ પ્રયત્નો, બે દેશોના લોકોને વધુ નજીક લાવે છે. હું ગ્રીસના આ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને અને તેમના શિક્ષકોને અભિનંદન પાઠવું છું. આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન કરાયેલ તેમના પ્રયત્નોની પ્રશંસા કરું છું.



**દેશના ધરતીપુત્રોને નૂતન વર્ષ-૨૦૨૨ના પ્રથમ દિને વડાપ્રધાનશ્રીની ભેટ ગુજરાતમાં ૫૭.૪૮ લાખ કિસાનોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના ૧૦મા હપ્તાના કુલ રૂ. ૧૧૪૯ કરોડ એક જ દિવસમાં ડી.બી.ટી.થી અપાયા**

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૨ના નવા વર્ષનો પ્રથમ દિવસ દેશના અન્નદાતાઓને સમર્પિત કરતાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના ૧૦મા હપ્તાની રકમ ધરતીપુત્રોના બેંક ખાતામાં ડીબીટીથી જમા કરાવવાનો કૃષિ સેવાયજ્ઞ કર્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી દેશની કિસાન શક્તિ સાથે સંવાદ કરતાં કિસાન સન્માન નિધિના ૧૦મા હપ્તાની રકમની ચુકવણીની આ ભેટ તેમને આપી હતી.**

**તદ્ અનુસાર, ગુજરાતમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત એક જ દિવસમાં રાજ્યના ૩૩ જિલ્લાઓના ૫૭.૪૮ લાખ ખેડૂતોને ૧૦મા હપ્તાની કુલ રૂ. ૧૧૪૯ કરોડની રાશિ ડીબીટી મારફતે ચૂકવવામાં આવી છે.**

### આઝાદીનો અમૃત મહોત્સવ, આપણને આઝાદીના યુદ્ધની યાદોને જીવવાનો અવસર આપે છે

સાથીઓ, હું લખનૌમાં રહેતા નિલેશજીની એક પોસ્ટની પણ ચર્ચા કરવા માગું છું. નિલેશજીએ લખનૌમાં બનેલ એક અનોખા Drone Showની ખૂબ પ્રશંસા કરી છે. આ Drone Show લખનૌના રેસિડેન્સી વિસ્તારમાં આયોજિત કરાયો હતો. ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્રતા સંગ્રામની સાક્ષી, રેસિડન્સીની દીવાલો પર આજે પણ નજર આવે છે. રેસિડન્સીમાં થયેલ Drone Showમાં ભારતીય સ્વતંત્રતા સંગ્રામના અલગ-અલગ તબક્કાઓને જીવંત બનાવ્યા. એ 'ચૌરી-ચૌરા આંદોલન' હોય, 'કાકોરી ટ્રેન'ની ઘટના હોય અથવા પછી તે નેતાજી સુભાષનું અદમ્ય સાહસ અને પરાક્રમ હોય, આ Drone Showએ સૌનું દિલ જીતી લીધું. તમે પણ આવી જ રીતે પોતાનાં શહેરોનાં, ગામડાંઓનાં, આઝાદીનાં આંદોલન સાથે જોડાયેલ અનોખા તબક્કાઓને લોકોની સામે લાવી શકો છો. તેમાં ટેકનોલોજીની પણ ખૂબ મદદ લઈ શકો છો. આઝાદીનો અમૃત મહોત્સવ, આપણને આઝાદીના યુદ્ધની યાદોને જીવવાનો અવસર આપે છે, તેનો અનુભવ કરવાનો અવસર આપે છે. તે દેશ માટે એક નવો સંકલ્પ લેવાનો, કંઈક કરવાની ઈચ્છાશક્તિને બતાવવાનો પ્રેરક ઉત્સવ છે, પ્રેરક અવસર છે. આવો, સ્વતંત્રતા સંગ્રામની મહાન વિભૂતિઓથી પ્રેરિત બનતાં રહીએ, દેશ માટે આપણા પ્રયત્નોને વધુ મજબૂત બનાવતા રહીએ.

મારા વહાલા દેશવાસીઓ,



આપણું ભારત કેટલીય અસાધારણ પ્રતિભાઓથી સંપન્ન છે, જેમનું કૃતિત્વ બીજાઓને પણ કંઈક કરવા માટે પ્રેરિત કરે છે. આવા જ એક વ્યક્તિ છે તેલંગાણાના ડૉક્ટર કુરેલા વિઠ્ઠલાચાર્યજી. તેમની ઉંમર ૮૪ વર્ષ છે. વિઠ્ઠલાચાર્યજી તેનું ઉદાહરણ છે કે જ્યારે વાત પોતાનાં સપનાંઓ પૂરાં કરવાની હોય ત્યારે ઉંમર મહત્ત્વની નથી હોતી.

**જ્યારે આપણો સ્ક્રિન ટાઇમ વધી રહ્યો છે ત્યારે બુક રીડિંગ વધુમાં વધુ પ્રખ્યાત બને, તે માટે પણ આપણે મળીને પ્રયત્નો કરવા જોઈએ**

સાથીઓ, વિઠ્ઠલાચાર્યજીની બાળપણથી એક ઇચ્છા હતી કે તે એક મોટું પુસ્તકાલય ખોલે. દેશ ત્યારે ગુલામ હતો, કેટલીક પરિસ્થિતિઓ એવી હતી કે બાળપણનું સપનું, ત્યારે સપનું જ રહી ગયું. સમય સાથે વિઠ્ઠલાચાર્યજી, લેક્ચરર બન્યા, તેલુગુ ભાષાનો ઊંડો અભ્યાસ કર્યો અને તેમાં જ કેટલીય સરસ રચનાઓનું સર્જન પણ કર્યું. ૬-૭ વર્ષ પહેલાં એક વાર ફરી તેઓ પોતાનું સપનું પૂરું કરવા માટે લાગી ગયા. તેમણે પોતાનાં પુસ્તકો દ્વારા પુસ્તકાલયની શરૂઆત કરી. પોતાની જીવનભરની કમાણી તેમાં ખર્ચી નાખી. ધીરે-ધીરે લોકો તેની સાથે જોડાતા ગયા અને યોગદાન આપતા રહ્યા. યદાદ્રી-ભુવનાગિરી જિલ્લાના રમન્નાપેટ મંડળના આ પુસ્તકાલયમાં લગભગ બે લાખ જેટલાં પુસ્તકો છે. વિઠ્ઠલાચાર્યજી કહે છે કે અભ્યાસને લઈને તેમને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, તે કોઈ બીજાને ન કરવો પડે. તેમને આજે એ જોઈને ખૂબ સારું લાગે છે કે, ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને તેનો લાભ મળી રહ્યો છે. તેમના પ્રયત્નોથી પ્રેરિત થઈને, કેટલાંય બીજાં ગામડાંઓનાં લોકો પણ પુસ્તકાલય બનાવવા લાગી ગયા છે.

સાથીઓ, પુસ્તકો માત્ર જ્ઞાન જ નથી આપતાં પરંતુ વ્યક્તિત્વને નિખારે છે, જીવનને પણ ઘડે છે. પુસ્તકો વાંચવાનો શોખ એક અદ્‌ભુત સંતોષ આપે છે. આજકાલ હું જોઉં છું કે, લોકો ખૂબ ગર્વ સાથે જણાવે છે કે આ વર્ષે મેં આટલાં પુસ્તકો વાંચ્યાં. હવે આગળ મારે કેટલાંક પુસ્તકો વધુ વાંચવા છે. આ એક સારો ટ્રેન્ડ છે, જેને વધુ વિકસાવવો જોઈએ. હું પણ 'મન કી બાત'ના શ્રોતાઓને કહીશ કે, તમે આ વર્ષમાં પોતાનાં એ પાંચ પુસ્તકો વિશે જણાવો, જે તમારાં પ્રિય હોય. આ મુજબ તમે ૨૦૨૨માં બીજા પાઠકોને સારાં પુસ્તકો પસંદ કરવામાં મદદ કરી શકશો. આવા સમયમાં જ્યારે આપણો સ્ક્રિન ટાઇમ વધી રહ્યો છે ત્યારે બુક રીડિંગ વધુમાં વધુ પ્રખ્યાત બને, તે માટે પણ આપણે મળીને પ્રયત્નો કરવા જોઈએ.

**આપણી પરંપરાનાં વિભિન્ન પાસાંઓને મોડર્ન પદ્ધતિથી પ્રસ્તુત કરાઈ રહ્યાં છે**

મારા વહાલા દેશવાસીઓ, તાજેતરમાં જ મારું ધ્યાન એક રસપ્રદ પ્રયત્ન તરફ ગયું છે. એ પ્રયત્ન આપણાં પ્રાચીન ગ્રંથો અને સાંસ્કૃતિક મૂલ્યોને માત્ર ભારતમાં જ નહીં, પરંતુ દુનિયાભરમાં લોકપ્રિય બનાવવાના છે. પૂનામાં Bhandarkar Oriental Research Institute નામનું એક કેન્દ્ર છે. આ કેન્દ્રમાં બીજા દેશોના લોકોને મહાભારતના મહત્ત્વથી પરિચિત કરાવવા માટે ઓનલાઇન કોર્સ શરૂ કર્યો છે. તમે એ જાણીને દંગ રહી જશો કે આ કોર્સ ભલે તાજેતરમાં જ શરૂ કરાયો છે પરંતુ જે કંટેન્ટ ભણાવવામાં આવે છે તેને તૈયાર કરવાની શરૂઆત ૧૦૦ વર્ષથી પણ પહેલાં થઈ હતી. જ્યારે સંસ્થાએ એનાથી જોડાયેલ કોર્સ શરૂ કર્યો તો તેને જબરદસ્ત પ્રતિભાવ મળ્યો. હું આ શાનદાર પહેલની ચર્ચા એટલા માટે કરી રહ્યો છું કારણ કે લોકોને જાણ થાય કે આપણી પરંપરાનાં વિભિન્ન પાસાંઓને મોડર્ન પદ્ધતિથી પ્રસ્તુત કરાઈ રહ્યાં છે. સાત સમુદ્ર પાર બેઠેલા લોકો સુધી તેનો લાભ કેવી રીતે પહોંચે, તેના માટે પણ નિતનવા પ્રયત્નો અપનાવવામાં આવી રહ્યા છે.

સાથીઓ, આજે દુનિયાભરમાં ભારતીય સંસ્કૃતિ વિશે જાણવામાં રસ વધી રહ્યો છે. ભિન્ન-ભિન્ન દેશોના લોકો માત્ર આપણી સંસ્કૃતિ વિશે જાણવા માટે ઉત્સુક જ નથી પણ તેને વધારવામાં મદદ પણ કરી રહ્યા છે. આવા જ એક વ્યક્તિ છે, સર્બિયન સ્કોલર ડો. મોમિર નિકિચ (Serbian Scholar Dr. Momir Nikich). તેમણે એક Bilingual Sanskrit-Serbian ડિક્શનરી તૈયાર કરી છે. આ ડિક્શનરીમાં સામેલ કરેલ સંસ્કૃતના ૭૦ હજારથી પણ વધુ શબ્દોનો સર્બિયન ભાષામાં અનુવાદ કરાયો છે. તમને એ જાણીને વધુ સારું લાગશે કે ડૉ. નિકિચે ૭૦ વર્ષની ઉંમરે સંસ્કૃત ભાષા શીખી છે.

તેઓ જણાવે છે કે આની પ્રેરણા તેમને મહાત્મા ગાંધીના લેખો વાંચીને મળી. આ જ પ્રકારનું ઉદાહરણ મંગોલિયાનાં ૯૩ વર્ષના પ્રોફેસર જે.



ગેંદેધરમનું પણ છે. પાછલા ચાર દાયકાઓથી તેમણે ભારતનાં લગભગ ૪૦ પ્રાચીન ગ્રંથો, મહાકાવ્યો અને રચનાઓનો મંગોલિયન ભાષામાં અનુવાદ કર્યો છે. આપણા દેશમાં પણ આ પ્રકારના જુસ્સા સાથે ઘણાં બધાં લોકો કામ કરી રહ્યા છે. મને ગોવાના સાગર મુલેજીના પ્રયત્નો વિશે પણ જાણવા મળ્યું, જે સેંકડોં વર્ષ જૂની 'કાવી' ચિત્રકળાને લુપ્ત થતી બચાવવા તરફ લાગેલા છે. 'કાવી' ચિત્રકળાએ ભારતના પ્રાચીન ઈતિહાસને પોતાનામાં સમાવ્યો છે. જોકે, 'કાવી'નો અર્થ થાય છે – લાલ માટી. પ્રાચીન કાળમાં આ કળામાં લાલ માટીનો ઉપયોગ કરવામાં આવતો હતો. ગોવામાં પોર્ટુગીઝ શાસન દરમિયાન ત્યાંથી પલાયન થનારા લોકોએ બીજા રાજ્યના લોકોને પણ આ અદ્ભુત ચિત્રકળાનો પરિચય કરાવ્યો. સમયની સાથે તે ચિત્રકળા લુપ્ત થઈ રહી હતી, પરંતુ સાગર મુલેજીએ આ કળામાં નવા પ્રાણ પૂર્યા છે. તેમના આ પ્રયત્નને ભરપૂર પ્રશંસા પણ મળી રહી છે. સાથીઓ, એક નાનો પ્રયત્ન, એક નાનું પગલું, આપણી સમૃદ્ધ કળાઓના સંરક્ષણમાં ખૂબ મોટું યોગદાન આપી શકે છે. જો આપણા દેશના લોકો નિશ્ચય કરી લે તો દેશભરમાં આપણી પ્રચીન કળાઓને સજાવવા, માવજત અને સંરક્ષણનો ઉત્સાહ એક જન-આંદોલનનું રૂપ લઈ શકે છે. મેં અહીં અમુક જ પ્રયત્નો વિશે વાત કરી છે. દેશભરમાં આ પ્રકારના અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. તમે તેની જાણકારી Namo App મારફતે મારા સુધી જરૂર પહોંચાડો.

### 'અરુણાચલ પ્રદેશ એરગન સરેંડર અભિયાન'

મારા વહાલા દેશવાસીઓ, અરુણાચલ પ્રદેશના લોકોએ સમગ્ર વર્ષ દરમિયાન એક અનોખું અભિયાન ચલાવ્યું છે અને તેને નામ આપ્યું છે – 'અરુણાચલ પ્રદેશ એરગન સરેંડર અભિયાન'. આ અભિયાનમાં, લોકો સ્વેચ્છાએ પોતાની એરગન સરેંડર કરી રહ્યા છે – જાણો છો કેમ?

જેનાથી અરુણાચલ પ્રદેશમાં પક્ષીઓનો અંધાધૂંધ શિકાર રોકી શકાય. સાથીઓ, અરુણાચલ પ્રદેશ પક્ષીઓની ૫૦૦થી પણ વધુ પ્રજાતિઓનું ઘર છે. એમાં કેટલીક એવી દેશી પ્રજાતિઓ પણ સામેલ છે, જે દુનિયામાં ક્યાંય બીજે મળી નથી શકતી. પરંતુ ધીરે-ધીરે હવે જંગલોમાં પક્ષીઓની સંખ્યામાં ઘટ આવી રહી છે. તેને સુધારવા માટે જ હવે એરગન સરેંડર અભિયાન ચાલી રહ્યું છે. પાછલા કેટલાક મહિનાઓમાં પહાડથી મેદાનના વિસ્તારો સુધી, એક Communityથી લઈને બીજી Community સુધી, રાજ્યમાં દરેક દિશામાં લોકોએ આને ખુલ્લા દિલથી સ્વીકાર્યું છે. અરુણાચલના લોકો પોતાની ઈચ્છાથી આજ સુધી ૧૬૦૦થી પણ વધુ એરગન સરેંડર કરી ચૂક્યા છે. હું અરુણાચલનાં લોકોની આ માટે પ્રશંસા કરું છું, તેમને અભિનંદન પાઠવું છું.

### જે જગ્યા આપણને આટલી ખુશી આપે છે, આપણે તેને અસ્વચ્છ ન કરીએ

મારા વહાલા દેશવાસીઓ, આપ સૌ તરફથી ૨૦૨૨થી જોડાયેલ ઘણાં બધા સંદેશ અને સૂચન આવ્યાં છે. એક વિષય દર વખતની જેમ મોટાભાગના લોકોના સંદેશામાં છે. તે છે સ્વચ્છતા અને સ્વચ્છ ભારતનો. સ્વચ્છતાનો આ સંકલ્પ અનુશાસનથી, સજાગતાથી અને સમર્પણથી જ પૂરો થશે. આપણે એનસીસી કેડેટ્સ (NCC Cadets) દ્વારા શરૂ કરાયેલ પુનિત સાગર અભિયાનમાં પણ તેની ઝલક જોઈ શકીએ છીએ. આ અભિયાનમાં ૩૦ હજારથી વધુ એનસીસી કેડેટ્સ સામેલ થયા. NCCના આ કેડેટ્સે દરિયાકિનારાઓ (beaches) પરની સફાઈ કરી, ત્યાંથી પ્લાસ્ટિક કચરો ઉપાડીને તેને રિસાઈક્લિંગ માટે ભેગો કર્યો. આપણા દરિયાકિનારાઓ, આપણા પહાડો ફરવાલાયક ત્યારે જ બને છે જ્યારે ત્યાં સફાઈ થાય. ઘણા બધા લોકો કોઈક સ્થળે જવા માટે જીવનભર સપનાં જુએ છે, પરંતુ જ્યારે ત્યાં જાય છે ત્યારે જાણતાં-અજાણતાં જ કચરો પણ ફેલાવીને આવે છે. આ દરેક દેશવાસીઓની જવાબદારી છે કે જે જગ્યા આપણને આટલી ખુશી આપે છે, આપણે તેને અસ્વચ્છ ન કરીએ.

સાથીઓ, મને saafwater (સાફવોટર) નામના એક સ્ટાર્ટ-અપ વિશે જાણ થઈ, જેને કેટલાક યુવાનોએ શરૂ કર્યું છે. તે Artificial Intelligence અને internet of thingsની મદદથી લોકોને તેમના વિસ્તારમાં પાણીની શુદ્ધતા અને ગુણવત્તા સાથે જોડાયેલ બાબતો વિશે જાણકારી આપશે. તે સ્વચ્છતાનું જ આગળનું પગલું છે. લોકોના સ્વચ્છ અને સ્વસ્થ ભવિષ્ય માટે તે સ્ટાર્ટ અપના મહત્ત્વને જોતાં તેને એક



ગ્લોબલ ઍવોર્ડ પણ મળ્યો છે.

સાથીઓ, 'एक कदम स्वच्छता की ओर' આ પ્રયત્નમાં સંસ્થાઓ હોય કે સરકાર, દરેકની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. આપ સૌ જાણો છો કે પહેલાં સરકારી કચેરીઓમાં જૂની ફાઈલો અને કાગળોનો કેટલો ઢગલો પડી રહેતો હતો. જ્યારથી સરકારે જૂની પદ્ધતિઓને બદલવાનું શરૂ કર્યું છે, તે ફાઈલ્સ અને કાગળના ઢગલા Digitize થઈને કોમ્પ્યુટરના ફોલ્ડરમાં સમાતા જઈ રહ્યા છે. જેટલું જૂનું અને પેન્ડિંગ મટીરિયલ છે, તેને પૂરું કરવા માટે મંત્રાલયો અને વિભાગોમાં વિશેષ અભિયાન પણ ચલાવાઈ રહ્યું છે. આ અભિયાનથી કેટલીક ખૂબ રસપ્રદ બાબતો સામે આવી છે. પોસ્ટખાતામાં જ્યારે તે સફાઈ અભિયાન ચાલ્યું ત્યારે ત્યાંનું જંકયાર્ડ સંપૂર્ણ રીતે ખાલી થઈ ગયું. હવે આ જંકયાર્ડને courtyard અને cafeteriaમાં બદલી કઢાયું છે. એક તરફ જંકયાર્ડ ટુ વ્હિલર્સ માટે પાર્કિંગ સ્પેસ બનાવાયું છે. આ રીતે પર્યાવરણ મંત્રાલયે પોતાના ખાલી થયેલ જંકયાર્ડને વેલનેસ સેન્ટરમાં પરિવર્તિત કરી દીધું, શહેરી કાર્ય મંત્રાલયે તો એક સ્વચ્છ ATM પણ સ્થાપિત કર્યું છે. તેનો હેતુ છે કે લોકો કચરો આપે અને બદલામાં કેશ લઈને જાય. Civil Aviation Ministryના વિભાગોએ વૃક્ષ પરથી ખરી પડતાં સૂકાં પાંદડાંઓને અને જૈવિક કચરામાંથી જૈવિક ખાતર બનાવવાનું શરૂ કર્યું છે.

આ વિભાગ વેસ્ટ પેપરમાંથી સ્ટેશનરી પણ બનાવવાનું કામ કરી રહ્યો છે. આપણા સરકારી વિભાગ પણ સ્વચ્છતા જેવા વિષય પર આટલા ઈનોવેટિવ થઈ શકે છે. કેટલાંક વર્ષ પહેલાં સુધી કોઈને પણ આવો વિશ્વાસ પણ નહોતો થતો, પરંતુ આજે તે વ્યવસ્થાનો ભાગ બની રહ્યું છે. આ જ તો દેશનો નવો વિચાર છે જેનું નેતૃત્વ દરેક દેશવાસી મળીને કરી રહ્યા છે.

**આપણે આપણાં દરેક સંસાધનોનો સંપૂર્ણ ઉપયોગ કરવો પડશે. આત્મનિર્ભર ભારતનો પણ આ જ મંત્ર છે**

મારા વહાલા દેશવાસીઓ, 'મન કી બાત'માં આ વખતે પણ આપણે ઘણા બધા વિષયો પર વાત કરી છે. દર વખતની જેમ, એક મહિના પછી, આપણે ફરી મળીશું, પરંતુ ૨૦૨૨માં. દરેક નવી શરૂઆત પોતાના સામર્થ્યને ઓળખવાનો પણ એક અવસર લઈને આવે છે. જે લક્ષ્યોની પહેલાં આપણે કલ્પના પણ નહોતી કરતા, આજે દેશ તેના માટે પ્રયત્ન કરી રહ્યો છે. આપણે ત્યાં કહેવાયું છે –

क्षणश: कणशश्चैव,
विद्याम् अर्थं च साधयेत्।
क्षणे नष्टे कुतो विद्या,
कणे नष्टे कुतो धनम्॥

એટલે કે, જ્યારે આપણે વિદ્યા અર્જિત કરવી હોય, કંઈક નવું શીખવું હોય, કરવું હોય ત્યારે આપણે દરેક પળનો ઉપયોગ કરવો જોઈએ. અને જ્યારે આપણે ધન અર્જિત કરવું હોય, એટલે કે, ઉન્નતિ-પ્રગતિ કરવી હોય ત્યારે દરેક કણનું એટલે કે દરેક સંસાધનનો, યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. કેમકે, પળ નષ્ટ થવાથી વિદ્યા અને જ્ઞાન જતું રહે છે અને કણ નષ્ટ થવાથી, ધન અને પ્રગતિના રસ્તા બંધ થઈ જાય છે. આ વાત આપણા સૌ દેશવાસીઓ માટે પ્રેરણા છે. આપણે કેટલું બધું શીખવાનું છે, નવાં નવાં ઈનોવેશન્સ કરવાનાં છે, નવા-નવા લક્ષ્ય હાંસલ કરવાનાં છે, એટલા માટે આપણે એક પણ પળ વેડફ્યા વગર કાર્યરત રહેવું પડશે. આપણે દેશને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈને જવાનો છે, એટલા માટે આપણે આપણાં દરેક સંસાધનોનો સંપૂર્ણ ઉપયોગ કરવો પડશે.

તે એક રીતે, આત્મનિર્ભર ભારતનો પણ મંત્ર છે, કેમકે, આપણે જ્યારે આપણાં સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરીશું, તેને વ્યર્થ નહીં થવા દઈએ, ત્યારે જ આપણે લોકલની તાકાતને ઓળખીશું, ત્યારે જ તો દેશ આત્મનિર્ભર બનશે. એટલા માટે, આવો, આપણે આપણો સંકલ્પ દોહરાવીએ કે મોટું વિચારીશું, મોટાં સપનાં જોઈશું અને તેને પૂરાં કરવા માટે જીવ રેડી દઈશું. અને, આપણાં સપનાં માત્ર આપણાં સુધી સીમિત નહીં રહે. આપણાં સપનાં એવાં બનશે કે જેનાથી આપણો સમાજ અને દેશનો વિકાસ જોડાયેલ હોય, આપણી પ્રગતિથી દેશની પ્રગતિના રસ્તા ખૂલશે અને તેના માટે, આપણે આજને જોતરવી પડશે, એક પળ પણ વેડફ્યા વગર, એક કણ વેડફ્યા વગર. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ જ સંકલ્પ સાથે આવનારાં વર્ષોમાં દેશ આગળ વધશે, અને ૨૦૨૨, એક નવા ભારતના નિર્માણ માટેનું સ્વર્ણિમ પૃષ્ઠ બનશે. આ જ વિશ્વાસ સાથે, આપ સૌને ૨૦૨૨ની ઘણી બધી શુભકામનાઓ.

ખૂબ ખૂબ ધન્યવાદ.

•







# વન બૂથ ૧૦૦ યુથ જોડવાની ક્ષમતા યુવા મોરચો ધરાવે છે - શ્રી સી. આર. પાટીલ

ગુજરાત પ્રદેશના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે યુવા મોરચાના ૧૮૦૦ વિસ્તારકોને શ્રી કમલમ્ ખાતેથી પ્રસ્થાન કરાવ્યું. આ વિસ્તારક યોજના પ્રસ્થાન કાર્યક્રમમાં પ્રદેશના સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી, પ્રદેશના મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલા, રાષ્ટ્રીય યુવા મોરચાના ઉપાધ્યક્ષ શ્રી મનીષકુમાર સિંઘ રાષ્ટ્રીય યુવા મોરચાના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલના ઈન્ચાર્જ શ્રી વરૂણભાઈ ઝવેરી ઉપસ્થિત રહ્યા હતા.

યુવા મોરચાના કાર્યકર્તાઓને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સંબોધન કરતાં જણાવ્યું કે, યુવા મોરચાના કાર્યકરોનો ઉત્સાહ આપણા પ્રયત્નને સફળતા સુધી પહોંચાડશે. યુવા મોરચાના દરેક કાર્યકર્તાએ જે પ્રમાણે ચૂંટણી દરમિયાન તનતોડ મહેનત કરી સારાં પરિણામ સુધી પાર્ટીને પહોંચાડે છે તે અભિનંદનને પાત્ર છે. દેશમાં વિરોધ પક્ષ વેરવિખેર છે. એક સાંધે અને તેર તૂટે તેવી સ્થિતિ છે. ભારતીય જનતા પાર્ટીના દરેક ઉમેદવારને કોઈની તાકાત નથી કે હરાવી શકે કારણ કે ભાજપ પાસે મોટી સેના છે. જે પણ વિસ્તારકો વિસ્તારમાં જાય તે પેજ કમિટીનું કામ સંપૂર્ણ રીતે પૂર્ણ કરે તે દિશામાં કામ કરવું જોઈએ.

**જનસંઘની સ્થાપનાથી જ એક સૂત્ર રહ્યું છે નેશન ફર્સ્ટ અને આ સૂત્રને ચરિતાર્થ કરવા માટે આજે જનસંઘથી ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકરો એ સિદ્ધ કરી રહ્યા છે - શ્રી રજનીભાઈ પટેલ**

શ્રી રજનીભાઈ પટેલે જણાવ્યું કે રાષ્ટ્રવાદનું કામ કરવા માટે જનસંઘની સ્થાપના કરવામાં આવી હતી જનસંઘની સ્થાપનાથી જ એક સૂત્ર રહ્યું છે નેશન ફર્સ્ટ અને આ સૂત્રને ચરિતાર્થ કરવા માટે જનસંઘથી ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકરો એ સિદ્ધ કરી રહ્યા છે. યુવા મોરચાના કાર્યકરો અને વિસ્તારક કાર્યકર્તાઓએ પંડિત દીનદયાળજીની અંત્યોદયની ભાવના ચરિતાર્થ કરવા દરેક બૂથ સુધી પહોંચીને આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલ વિવિધ યોજનાઓના લાભો લોકો સુધી પહોંચે તેની ચિંતા કરવા જણાવ્યું. આઝાદીના સમયે લોકો દેશ માટે શહીદ થતા હતા પરંતુ આજે સમય શહીદ થવાનો નહીં દેશ માટે સમર્પિત થઈ કામ કરવાનો છે.

ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકર્તા માટે જેમનું જીવન પ્રેરણાસ્રોત બન્યું છે એવા પૂર્વ વડાપ્રધાન ભારતરત્ન શ્રદ્ધેય અટલજીની જયંતી જેવા સુંદર દિવસથી શરૂ કરી આ દેશ ફરી વખત સમગ્ર વિશ્વમાં ભારત દેશ સ્વાભિમાની દેશ બનીને જ રહેશે એવી વાત કરનાર સ્વામી વિવેકાનંદજીના જન્મજયંતી સુધી યુવા મોરચાના વિસ્તારકો પ્રત્યેક બૂથમાં જવાના છે ત્યારે લોકસંગ્રહનું કામ સારી રીતે થાય અને નવા નવા યુવાનો પાર્ટીના વિચાર સાથે જોડાઈ વિચારોના વાહક બને અને આગામી દિવસોમાં કાર્યકર્તા બની દેશનું રાજકીય ભવિષ્ય બને તે દિશામાં વિસ્તારકોએ કામ કરવું જોઈએ.



## યુવા મોરચાના કાર્યકર્તાઓની વચ્ચે આવી મારા જોમ અને જુસ્સામાં વધારો થાય છે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધતાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, યુવા મોરચો એ ભવિષ્યનું ભાજપ છે. યુવા મોરચાના કાર્યકર્તાની વચ્ચે આવી મારા જોમ અને જુસ્સામાં વધારો થાય છે. વિસ્તારક તરીકે નીકળો નવા યુવાનોને મળો ત્યારે તેમનાં કામો સમસ્યાને સરકાર સુધી પહોંચાડો અને સરકાર તે તમામ કામ કરી સમસ્યાને દૂર કરવા કટિબદ્ધ રહેશે. સરકારની દરેક યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે પ્રકારનું કામ ભાજપ સરકાર કરી રહી છે. યુવા મોરચાના કાર્યકરોનો જોશ અને જુસ્સો જોઈને હું નિશ્ચિતપણે કહીશ કે એક બૂથ ૧૦૦ યુથનું સૂત્ર સાકાર થશે.

**કોંગ્રેસના નેતા કહે છે કે 'એક અફઝલ કો મારોગે તો હર ઘર મેં સે અફઝલ નિકલેગા પણ હું કહું છું કે જીતને અફઝલ પેદા હોંગે ઉતને હમ ચુન ચુન કર મારેંગે' - શ્રી પ્રદીપસિંહ વાઘેલા**

યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધતાં મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલાએ જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટી એ કેડરબેઝ પાર્ટી છે અને અહીંના બૂથનો કાર્યકર પણ વિધાનસભાથી લઈ સંસદ સુધી પહોંચી શકે છે. કોંગ્રેસના નેતાઓ દ્વારા કહેવામાં આવે છે કે એક અફઝલ કો મારોગે તો હર ઘર મેં સે અફઝલ નિકલેગા પણ હું કહું છું કે 'જીતને અફઝલ પેદા હોંગે ઉતને હમ મારેંગે'. આજના દરેક યુવાનને ખબર છે કે પ્રભુ શ્રીરામનો જન્મ અયોધ્યામાં થયો હતો પરંતુ કોંગ્રેસના કહેવાતા ૫૦ વર્ષના યુવાનને ખબર નથી કે પ્રભુ શ્રીરામનો જન્મ ક્યાં થયો હતો. તાકાત અને ઝનૂન સાથે બૂથમાં જઈને કામ કરવાનું આહ્વાન શ્રી પ્રદીપસિંહ વાઘેલાજીએ કર્યું હતું.

દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ૩૭૦ની કલમ હટાવવાનો પ્રસ્તાવ સંસદમાં મૂક્યો ત્યારે દેશના દરેક યુવાનોની છાતી ગદ્‌ગદ્ ફૂલી હતી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહને હૃદયપૂર્વકના લાખ લાખ અભિનંદન પાઠવાયાં હતાં. સંસદમાં ૩૭૦મી કલમ નાબૂદ કરવાની ચર્ચા વખતે દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે કાશ્મીર માટે હું જાન આપવી પડે તો જાન પણ આપવા તૈયાર છું એ વાકયને યાદ કરાવી યુવા મોરચાના વિસ્તારકોમાં શ્રી વાઘેલાજીએ જોમ અને જુસ્સો ભર્યો હતો.

શ્રી પંકજભાઈ ચૌધરીએ વીર સાવરકરને યાદ કરતાં જણાવ્યું કે, ભૂતકાળમાં ભારત માતા કી જય જેવા સૂત્રોચ્ચાર કરવા માટે પણ કાળા પાણીની સજા કરવામાં આવતી હતી પરંતુ આજના સમયમાં પરિસ્થિતિ ઘણી બદલાઈ છે અને યુવાનોએ દેશ માટે સમર્પિત થઈ ભારતને વિશ્વગુરુ બનાવવા આહ્વાન કરવામાં આવ્યું.

**યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષથી લઈ યુવા મોરચાના મંડળ અધ્યક્ષ ૧૯ દિવસ વિસ્તારક તરીકે બૂથમાં કામ કરી નવા યુવાનોને જોડવાનું કામ હાથ ધરશે - ડો.પ્રશાંતભાઈ કોરાટ**

શ્રી પ્રશાંતભાઈ કોરાટે જણાવ્યું હતું કે, શ્રદ્ધેય અટલબિહારી વાજપેયીજીની જન્મજંયતીથી લઈ શ્રી સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી સુધી યુવા મોરચા દ્વારા ત્રણ તબક્કામાં વિસ્તારક યોજના થકી યુવા મિત્ર અભિયાન થવા જઈ રહ્યું છે. આ અભિયાનમાં જનાર દરેક વિસ્તારકને શુભકામના-અભિનંદન પાઠવ્યાં હતાં. જેમ દેશની બોર્ડર ઉપર સૈનિકો અડીખમ ઊભા રહીને દેશની સેવા કરે છે તેવી જ રીતે કોરોનાની વિપરીત પરિસ્થિતિમાં યુવા મોરચાએ કામ કર્યું હતું તે ખરેખર અભિનંદનપાત્ર હતું. યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષથી લઈ યુવા મોરચાના મંડળ અધ્યક્ષ ૧૯ દિવસ વિસ્તારક તરીકે બૂથમાં કામ કરી નવા યુવાનોને જોડવાનું કામ હાથ ધરશે.



# દિવ્ય કાશી, ભવ્ય કાશી
# સાબરમતીના તટે ભવ્યાતિભવ્ય સમારોહ યોજાયો



## ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાશી વિશ્વનાથ મંદિરના પુનઃનિર્માણનો સંકલ્પ કર્યો હતો અને તેને સાકાર કરીને લગભગ ૩૦૦ વર્ષ પછી કાશીનો કાયાકલ્પ થયો

દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આશીર્વાદ આપવા માટે યોજાયેલા સમારોહમાં ઉપસ્થિત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીનાં કાર્યોથી તેનું પરિણામ પણ જોઈ શકાય છે તે તેઓની સંકલ્પબદ્ધતા છે. ભૂતકાળમાં સાબરમતી નદીના તટે ઝૂંપડપટ્ટીઓ હતી, જેને તે સમયના શાસકોએ પણ જોઈ હતી, પરંતુ દીર્ઘદ્રષ્ટા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેની કાયાપલટ કરવાનો નિર્ણય કર્યો અને અહીં જે લોકો રહેતા હતા તેમને ખૂબ જ સારી પરિસ્થિતિમા રહી શકે તેવી જગ્યાએ શિફ્ટ કરીને આ રિવરફ્રન્ટનું નિર્માણ કર્યું. આજે ભાગદોડભરી જિંદગીમાં સાધુ-સંતો પાસે જવાથી દરેક વ્યક્તિને મનની શાંતિ મળે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની કાર્યશૈલીથી દેશ અને દુનિયામાં સાબિત કરી બતાવ્યું છે કે ભારત દરેક આફતને અવસરમાં પલટીને વિકાસ કરી રહ્યું છે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે છેલ્લાં બે વર્ષથી કોવિડ ૧૯ની મહામારીમાં દેશ અને દુનિયાની અર્થ-વ્યવસ્થા ડગી ગઈ છે ત્યારે ભારતની આર્થિક વ્યવસ્થાને પ્રધાનમંત્રીશ્રીએ દૂરંદેશી નીતિથી આત્મનિર્ભર ભારત બનાવવાનો સંકલ્પ આપ્યો અને જનભાગીદારીથી એ સંકલ્પની પૂર્તિ થઈ રહી છે, જેમાં ગુજરાત પણ આત્મનિર્ભર ગુજરાત બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આત્મનિર્ભર ભારતની સંકલ્પબદ્ધતાને ગુજરાત વિકાસની કેડી પર આગળ વધારી રહ્યું છે.

ભારતની સૌથી પ્રાચીન અને નગરી એટલે સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના કેન્દ્રબિંદુ સમાન કાશી વિશ્વનાથ ધામ.પૌરાણિક નગરી કાશીને આ સંસારની સૌથી પુરાણી નગરી ગણવામાં આવે છે. અનેક વિદેશી આક્રમણકારીઓના નિશાને ભોગ બનેલા કાશીમાં ઈ.સ. ૧૭૮૦માં ઈન્દોરનાં મહારાણી અહિલ્યાબાઈએ વિશ્વનાથ મંદિર બંધાવ્યું હતું, જેની દિવ્યતા અને ભવ્યતામાં વધારો કરવામાં આવ્યો અને મંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું.


વારાણસીના સાંસદશ્રી અને ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાશી વિશ્વનાથ મંદિરના પુનઃનિર્માણનો સંકલ્પ કર્યો હતો અને તેને સાકાર કરીને લગભગ ૩૦૦ વર્ષ પછી કાશીનો કાયાકલ્પ થયો. ભવ્ય કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કરકમલોથી ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ લોકાર્પિત કરવામાં આવ્યું છે.

ધર્માચાર્ય આચાર્ય સમારોહ સમિતિના અધ્યક્ષ શ્રી ચૈતન્ય શંભુ મહારાજે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ધાર્મિક ધરોહર અને સંસ્કૃતિની ગરિમાપૂર્ણ જાળવણી કરવાનું અને સાચવવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. કાશી વિશ્વનાથ કોરિડોરના પુનઃનિર્માણથી ગુજરાતના તમામ સાધુ-સંતોએ આશીર્વાદ વરસાવ્યા છે.



**શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર દરિદ્રનારાયણની સેવામાં**

# દુનિયાનો સૌથી મોટો અન્ન સુરક્ષા કાર્યક્રમ 'વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજના'



માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપની કેન્દ્ર સરકારને 'અંત્યોદય'ની સંકલ્પના ઉપર પૂર્ણ વિશ્વાસ છે. પંડિત દીનદયાલ ઉપાધ્યાયે કહ્યું હતું, 'અમારી ભાવના અને સિદ્ધાંત છે કે મેલા-ઘેલા, અભણ, સીધા-સાદા લોકો અમારા નારાયણ છે. અમારે તેઓની પૂજા કરવાની છે. આ અમારો સામાજિક અને માનવ-ધર્મ છે.'

આ જ માનવધર્મને નિભાવવા માટે દુનિયાની સૌથી મોટી ખાદ્યસુરક્ષા યોજના 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (પીએમ-જીકેએવાય)ને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ગરીબો અને જરૂરિયાતમંદ લોકોને પૂરતું ભોજન મળી રહે તે ભાવથી અમલમાં મૂકવામાં આવી હતી. કોવિડ-૧૯ રોગચાળાના અભૂતપૂર્વ પ્રકોપને કારણે દેશવ્યાપી લૉકડાઉન થતાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકારે ૨૦૨૦માં નિયમિત માસિક રાશન ઉપરાંત લગભગ ૮૦ કરોડ લાભાર્થીઓ માટે વધારાના નિઃશુલ્ક અન્નની વ્યવસ્થા કરી હતી. આ વધારાના રાશનની વ્યવસ્થા કરવાનો હેતુ એ હતો કે ગરીબો, જરૂરિયાતમંદ લોકો તેમજ અન્ય સામાન્ય પરિવારોને લૉકડાઉન તથા અન્ય આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવામાં મદદ મળે., કોઈ ગરીબ ભાઈ ભૂખ્યો ન સૂવે એ ભાવ એની પાછળ હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમની દીર્ઘદષ્ટિ, નવીનતા અને ભવિષ્યલક્ષી વિચારોમાં માનવતા-સભર અભિગમ સાથે પડકારજનક સંજોગોનો સામનો કરવા માટે જાણીતા છે. કોવિડ રોગચાળાના પ્રારંભિક તબક્કે જ તેમણે ગરીબ અને નબળા લોકોને બચાવવા માટે 'આત્મનિર્ભર ભારત' યોજના હેઠળ PM-GKAY યોજના શરૂ કરીને ફરી એકવાર અદ્‌ભુત નેતૃત્વક્ષમતા સાબિત કરી હતી. આ યોજના હેઠળ, દર મહિને દરેક વ્યક્તિને મફત ૫ કિલો ચોખા/ઘઉં અને ૧ કિલો કઠોળ આપવામાં આવે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, PM-GKAY યોજનાની રોગચાળા દરમિયાન ભારતના લગભગ ૮૧.૩૫ કરોડ જરૂરિયાતમંદ અને ગરીબ લોકોને લાભ થયો છે.

દેશ આજે નરેન્દ્ર મોદી સરકારના સૂત્ર 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ' સાથે આગળ વધી રહ્યો છે. આ સૂત્ર શાસનની મુખ્ય ભાવના તરીકે અંત્યોદય અથવા અંતિમ માણસના ઉત્થાનના સિદ્ધાંતનું માર્ગદર્શન આપે છે. આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને સરકારે ગરીબી રેખા નીચે જીવતા પરિવારો અને વિધવાઓ અથવા માનસિક રીતે બીમાર વ્યક્તિઓ, વિકલાંગ વ્યક્તિઓ અથવા ૬૦ વર્ષથી વધુ વયની વ્યક્તિઓ દ્વારા ચલાવવામાં આવતા પરિવારોને યોજનાના લાભાર્થી તરીકે સામેલ કર્યા છે. તમામ આદિવાસી પરિવારો, ભૂમિહીન ખેતમજૂરો, સીમાંત ખેડૂતો, ગ્રામીણ કારીગરો અને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા વ્યક્તિઓને પણ આ યોજનાનો લાભ મળ્યો.

કોવિડ-૧૯ રોગચાળાને કારણે રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનને ધ્યાનમાં રાખી ભારત સરકારે માર્ચ ૨૦૨૦માં નિયમિત માસિક અન્ન ઉપરાંત લગભગ ૮૦ કરોડ લાભાર્થીઓને વધારાના મફત અનાજનું વિતરણ કરવાની જાહેરાત કરી હતી. આ વધારાના અનાજની વ્યવસ્થા એ હેતુથી કરવામાં આવી હતી કે ગરીબ, જરૂરિયાતમંદ અને નબળા પરિવારો દેશવ્યાપી લૉકડાઉન અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી શકે.

વડાપ્રધાન શ્રી મોદી દ્વારા આ યોજનાની શરૂઆત પ્રવર્તમાન 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના'ના ભાગરૂપે કરવામાં આવી હતી અને એપ્રિલથી જૂન, ૨૦૨૦ના સમયગાળામાં તેના માટે રૂ. ૧.૭૦ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ખાદ્ય મંત્રાલયના અનુમાન મુજબ, મે, ૨૦૨૦ના અંત સુધીમાં





આ કલ્યાણ યોજના હેઠળ ૭૪ કરોડ લાભાર્થીઓને લાભ મળ્યો હતો અને તેનાથી દેશમાં વ્યાપક ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત થઈ છે.

આ યોજનાની સફળતાથી ઉત્સાહિત થઈને વડાપ્રધાન શ્રી મોદીએ તેને નવેમ્બર, ૨૦૨૦ સુધી લંબાવી, જેના માટે રૂ. ૯૦,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી અને ૮૦ કરોડ લોકોને આવરી લેવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું.

સરકારી માહિતી અનુસાર, આ યોજનાનો પ્રથમ તબક્કો એપ્રિલથી જૂન, ૨૦૨૦, બીજો તબક્કો જુલાઈથી નવેમ્બર, ૨૦૨૦, ત્રીજો તબક્કો મેથી જૂન, ૨૦૨૧ અને ચોથો તબક્કો જુલાઈથી નવેમ્બર, ૨૦૨૧ સુધી અમલમાં મૂકવામાં આવ્યો હતો. PM-GKAY યોજના હેઠળ ભારત સરકારે ચાર તબક્કામાં રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોને કુલ ૬૦૦ લાખ મેટ્રિક ટન અનાજની ફાળવણી કરી. આ ફાળવણી રૂ. ૨.૦૭ લાખ કરોડની ખાદ્ય સબસિડીની સમકક્ષ ગણાય. અહેવાલ મુજબ PM-GKAYના ચોથા તબક્કામાં કુલ ૯૩.૮ ટકા અનાજ સંપાદિત કરી લેવામાં આવ્યું છે અને તે લગભગ ૭૪.૬૪ કરોડ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા હાલ રૂ. ૫૩૩૪૪.૫૨ કરોડની વધારાની ખાદ્ય સબસિડી માટે કુલ ૧૬૩ લાખ મેટ્રિક ટન અનાજ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. અગાઉના તબક્કાઓની સરખામણીમાં પાંચમા તબક્કાની PM-GKAY યોજનાની કામગીરી વધુ સારી રહેવાની ધારણા છે. સરકાર PM-GKAYના એકથી પાંચ તબક્કા માટે કુલ લગભગ રૂ. ૨.૬૦ લાખ કરોડનો ખર્ચ કરશે.

મોદી સરકાર એ બાબતે ખાસ ધ્યાન આપી રહી છે કે આ કલ્યાણકારી યોજનાઓનો લાભ તમામ જરૂરિયાતમંદ નાગરિકો સુધી પહોંચવો જોઈએ. સરકારની આ યોજનાથી ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ બની ગયો છે જે ૮૦ કરોડ લોકોને ૨૪ મહિના સુધી કોઈપણ જાતના ભેદભાવ વિના મફત અનાજ આપી રહ્યો છે. આ ઉદાર અભિગમ અને તેના જબરદસ્ત પરિણામોના કારણે સમગ્ર વિશ્વએ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'ની સફળતાનો સ્વીકાર કર્યો છે.

આ યોજનાની પ્રશંસા કરતાં વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ના મહાનિદેશકે કહ્યું હતું કે, 'વડાપ્રધાન મોદીએ માત્ર સ્વાસ્થ્ય સમસ્યાઓ તો ઉકેલી જ છે પરંતુ તે સાથે આર્થિક પાસાંનું પણ ધ્યાન રાખ્યું છે અને અન્ય દેશોએ તેનું અનુકરણ કરવું જોઈએ.'

સર્વસમાવેશી PM-GKAY યોજનાની પ્રશંસા કરતાં યુએનના મહામંત્રીએ કહ્યું હતું કે, 'ભારતે બે પગલાં લીધાં છે - પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અને આત્મનિર્ભર ભારત - જે દેશના આર્થિક મુદ્દાઓનું ધ્યાન રાખે છે અને આ પ્રશંસનીય પગલાં છે.'

ગયા વર્ષે કોવિડ-૧૯ રોગચાળો સમગ્ર વિશ્વ માટે એક મોટી કટોકટી હતી અને હજુ પણ છે. આ મહારોગચાળાની અસરમાંથી વિશ્વના સૌથી અગ્રણી વિકસિત દેશો પણ બાકાત ન હતા. ભૂતકાળના અનુભવો દર્શાવે છે કે જ્યારે પણ આટલી મોટી વસ્તી પર કોઈ મોટી આફત આવે છે ત્યારે તે સમાજમાં અસ્થિરતા પેદા કરે છે. જો કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગતિશીલ નેતૃત્વ હેઠળ ભારતે તેના નાગરિકોની સુરક્ષા માટે જે કર્યું તેનાથી તમામ આશંકાઓ ખોટી સાબિત થઈ. આવા કપરા સમયમાં પણ ભારતે એવો પ્રયાસ કર્યો કે એક પણ ગરીબ ભૂખ્યો ન રહે. ઉપરાંત ભારત સરકારે રોગચાળા દરમિયાન ગરીબ, અસહાય, વૃદ્ધ લોકોને સીધા તેમના બેંક ખાતામાં નાણાકીય સહાય પણ પૂરી પાડી હતી. પરપ્રાંતીય કામદારો માટે 'વન નેશન, વન રેશન કાર્ડ'ની સુવિધા શરૂ કરવામાં આવી હતી, જેથી કરીને આ પ્રવાસી શ્રમિકો દેશમાં જ્યાં પણ રહે ત્યાં તેમને ખાદ્યાન્ન પ્રાપ્ત થઈ શકે.


ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા માનવીય સંવેદનાને સર્વોપરી રાખીને સૌને સાથે લઈ ચાલવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોએ દેશના ગરીબ, જરૂરિયાતમંદ, નાના ખેડૂતો અને નાના વેપારીઓને આ મુશ્કેલ સમયમાં ચોક્કસપણે ઘણું બળ આપ્યું છે. છેલ્લાં બે વર્ષમાં વિતરિત કરવામાં આવેલા આ મફત રાશને એ સુનિશ્ચિત કર્યું છે કે રોગચાળાના આ સમયમાં ગરીબોને જે તકલીફનો સામનો કરવો પડે છે તેને હળવો કરી શકાય અને તેમના જીવન અને આજીવિકાને ટેકો મળી શકે. લોકોનો વિશ્વાસ જ વડાપ્રધાન શ્રી મોદીના શાસનના પાયાનો મજબૂત પથ્થર છે જે 'નવા ભારત'ના વિઝનને આગળ ધપાવે છે અને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે પહેલાં કરતાં વધુ સંકલ્પબદ્ધ અને આત્મવિશ્વાસથી ભરપૂર ભારત માટે માર્ગ મોકળો કરે છે.

●



# દિલ્હી-મુંબઈ ગ્રીન એક્સપ્રેસ-વે : સમૃદ્ધિનો રાજમાર્ગ







કોઈપણ રાજ્ય કે રાષ્ટ્રના વિકાસ માટે માર્ગો એ કરોડરજ્જુ સમાન હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ સમગ્ર દેશમાં માર્ગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જે નવા ભારતના નિર્માણમાં ધોરી નસ સમાન પુરવાર થશે.

આજે આપણે વાત કરીશું ગુજરાત સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ-વેની (DME). નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા અંદાજે રૂ. ૯૮ હજાર કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલો આ ૧,૩૮૦ કિલોમીટર લાંબો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ વે હશે. આ એક્સપ્રેસ વે દેશની રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને આર્થિક રાજધાની મુંબઈને જોડશે.

આ ઉપરાંત હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થતા આ એક્સપ્રેસ વેમાં જયપુર, કિશનગઢ,અજમેર, કોટા, ચિત્તોડગઢ, ઉદયપુર, ભોપાલ, ઉજ્જૈન, ઇન્દોર, અમદાવાદ, વડોદરા, સુરત શહેરની આર્થિક પ્રવૃત્તિઓ સાથે લાખો લોકો માટે આર્થિક સમૃદ્ધિ લાવશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં ન્યૂ ઇન્ડિયાની સંકલ્પના કરવામાં આવી છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેના કામની શરૂઆત માર્ચ-૨૦૧૯માં કરવામાં આવી હતી. ૧,૩૮૦ કિલોમીટરમાંથી ૧,૨૦૦ કિલોમીટરથી વધુ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે અને કામો પ્રગતિમાં છે.

તેની અગત્યની કડી રૂપે ગુજરાતમાં ૪૨૩ કિલોમીટરનો એક્સપ્રેસ વે કુલ રૂ. ૩૫,૧૦૦ કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવી રહ્યો છે, જેમાંથી ૩૯૦ કિમીના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે અને





બાકીનું પેકેજ ટૂંક સમયમાં આપવામાં આવશે.


ગુજરાત દેશનું મોટું આર્થિક કેન્દ્ર છે. દાહોદ, લીમખેડા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત અને વલસાડ સહિત અન્ય શહેરોને કનેક્ટિવિટી પૂરી પાડવા માટે રાજ્યભરમાં અનેક ઈન્ટરચેન્જની યોજના છે. આ એક્સપ્રેસ વે વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ વે દ્વારા રાજ્યની રાજધાની સાથે પણ જોડાશે.

ગુજરાતમાં ૬૦ મોટા પુલ, ૧૭ ઈન્ટરચેન્જ, ૧૭ ફ્લાયઓવર અને ૮ આર.ઓ.બીનું નિર્માણ કરવામાં આવનાર છે. ગુજરાત રાજ્યમાં આ કોરિડોરની મુખ્ય વિશેષતા એ છે કે દિલ્હી-વડોદરા વિભાગમાં ટકાઉ ડિઝાઈન સાથે આયોજિત નવીન પેવમેન્ટ ડિઝાઇન અને એક્સપ્રેસ-વે ને ટકાઉ બનાવવા માટે આબોહવાની પરિસ્થિતિઓના આધારે વડોદરા-મુંબઈ વિભાગ માટે કોંક્રિટ પેવમેન્ટ ડિઝાઇન કરવામાં આવી છે.

બે કિ.મી લાંબો એક્સ્ટ્રાડોઝ કેબલ સ્પાન બ્રિજ, ભરૂચ નજીક નર્મદા નદી પર એક આઇકોનિક બ્રિજ એક્સપ્રેસ વે પર બાંધવામાં આવતો ભારતનો પ્રથમ ૮ -લેન પુલ હશે. ભરૂચ શહેર નજીક આઇકોનિક ઈન્ટરચેન્જ સાથે દેશમાં એક્સપ્રેસ-વે વિકાસની ઓળખને નવી ગતિ આપશે.

રાજ્યમાં રોજગારીની તકો ઊભી કરવા તેમજ મુસાફરી માટે વિશ્વસ્તરીય સુવિધાઓ પૂરી પાડવા માટે ગુજરાતમાં ૩૩ રોડસાઇડ સુવિધાઓ (WSAs) નું આયોજન કરવામાં આવી રહ્યું છે.

સમગ્ર એક્સપ્રેસ-વેનો એક મોટો



વિભાગ, વડોદરા-અંકલેશ્વરનો ૧૦૦ કિલોમીટરનો વિસ્તાર બાંધકામના અંતિમ તબક્કામાં છે અને માર્ચ ૨૦૨૨ સુધીમાં ટ્રાફિક માટે ખુલ્લો કરવાનો લક્ષ્યાંક છે. માર્ચ ૨૦૨૩ સુધીમાં અંકલેશ્વરથી તલસારી સુધીનો બાકીનો વિભાગ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે, જેનાથી વડોદરાથી મુંબઈ માત્ર સાડા ત્રણ કલાકમાં પહોંચી જવાશે.

નવા એક્સપ્રેસ-વેથી દિલ્હી અને મુંબઈ વચ્ચેનો મુસાફરીનો સમય લગભગ ૨૪ કલાકથી ઘટીને ૧૨ કલાક થવાની ધારણા છે એટલે ૫૦ ટકા જેટલી સમયની બચત થશે.

આનાથી ૩૨૦ મિલિયન લિટરથી વધુ વાર્ષિક બળતણની બચત થશે અને ૮૫૦ મિલિયન કિલોગ્રામ કાર્બન ડાયોક્સાઇડ (CO2) ઉત્સર્જનમાં ઘટાડો થશે. જે ૪૦ મિલિયન વૃક્ષો વાવવા સમાન છે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એનએચએઆઇ)ની પર્યાવરણીય સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતાના ભાગરૂપે હાઈવે પર ૪૦ લાખથી વધુ વૃક્ષો અને ઝાડીઓ રોપવાની યોજના છે.

પર્યાવરણીય અને વન્યજીવનની અસરને ઘટાડવી એ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે માટે આ પ્રોજેક્ટનો પાયાનો આધાર રહ્યો છે. આ એક્સપ્રેસ-વે એશિયામાં પહેલો અને વિશ્વનો બીજો છે, જેમાં વન્યજીવોની અનિયંત્રિત હિલચાલની સુવિધા માટે પ્રાણી ઓવરપાસ છે. DMEમાં ત્રણ વન્યજીવન અને ૭ કિમીની સંયુક્ત લંબાઈ સાથે પાંચ ઓવરપાસ હશે અને વન્યજીવોની એકીકૃત હિલચાલ માટે સમર્પિત કરવામાં આવશે.

એક્સપ્રેસ-વેમાં બે આઇકોનિક આઠ લેન ટનલનો પણ સમાવેશ થશે. પ્રથમ મુકુન્દા અભયારણ્ય દ્વારા ૪ કિમીના વિસ્તારમાં ભયજનક પ્રાણી સૃષ્ટિને જોખમમાં નાખ્યા વગર અને બીજી માથેરાન ઈકો સેન્સિટિવ એરિયા (MET) માં (ઈકો સેન્સિટિવ ઝોન) ૪ કિમી ૮ લેન-ટનલમાંથી પસાર થશે. આ પ્રોજેક્ટ દેશના ઇજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ હશે.

આ એક્સપ્રેસ વેના નિર્માણમાં ૧.૨ મિલિયન ટનથી વધુ સ્ટીલનો



વપરાશ થશે, જે કલકત્તાના જાણીતા હાવરા બ્રિજ જેવા ૫૦ પુલોના નિર્માણ સમાન છે.

આ પુલોના નિર્માણ દરમિયાન ૪૦ મિલિયન ટ્રક ભરાય તેટલી એટલે કે આશરે ૩૫૦ મિલિયન ક્યુબિક મીટર માટી ખસેડવામાં આવશે.

DME એ હજારો પ્રશિક્ષિત સિવિલ એન્જિનિયરો અને ૫૦ લાખથી વધુ માનવ-દિવસના કામ માટે રોજગારીનું સર્જન કર્યું છે.

આ પ્રોજેક્ટમાં ૮ મિલિયન ટન સિમેન્ટનો વપરાશ થશે, જે ભારતની વાર્ષિક સિમેન્ટ ઉત્પાદનક્ષમતાનો લગભગ બે ટકા છે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનું અન્ય એક અનોખું પાસું કોરિડોરમાં વપરાશકર્તાઓની સગવડ અને સલામતી સુધારવા માટે હાઈવે પર ૯૪ સ્થળો પર (વે સાઇડ એમેનિટીઝ -WSAs) વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. એક્સપ્રેસ-વે પર પેટ્રોલ પંપ, મોટેલ, આરામ વિસ્તાર, રેસ્ટોરાં અને દુકાનોનો સમાવેશ થશે. તબીબી કટોકટીની સ્થિતિમાં કનેક્ટિવિટી વધારવા અને લોકોને બહાર કાઢવા માટે આ વે-સાઇડ સુવિધાઓમાં હેલિપેડ પણ હશે.

આ એક્સપ્રેસ-વેમાં દિલ્હી-દૌસા-લાલસોટ વિભાગ જે દિલ્હી-જયપુર એક્સપ્રેસ-વેનો ભાગ છે અને વડોદરા-અંકલેશ્વર વિભાગ જે વડોદરાને ભરૂચના આર્થિક કેન્દ્ર સાથે જોડે છે, માર્ચ ૨૦૨૨ સુધીમાં ટ્રાફિક માટે ખૂલવાની અપેક્ષા છે. છે. સમગ્ર એક્સપ્રેસ-વે માર્ચ ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની યોજના છે. દિલ્હીથી વડોદરા વિભાગ માટે ૧૫,૦૦૦ હેક્ટર વિસ્તાર માટે જમીન સંપાદન કામગીરી એક વર્ષથી ઓછા સમયમાં પૂર્ણ કરવામાં આવી છે.

તદુપરાંત એક્સપ્રેસ-વેની બંને બાજુ એટલી ખુલ્લી જગ્યા રાખવામાં આવી છે કે ભવિષ્યમાં તેને ૧૨ લેન સુધી વધારી શકાય.

હાલના તબક્કે જે ગતિથી કામ ચાલી રહ્યું છે તે જોતાં રાજસ્થાનમાંથી ૩૮૦ કિ.મી., મધ્ય પ્રદેશમાંથી ૩૭૦ કિ.મી., ગુજરાતમાંથી ૪૨૩ કિ.મી., મહારાષ્ટ્રમાંથી ૧૨૦ કિ.મી. અને હરિયાણામાંથી ૮૦ કિ.મી.માંથી પસાર થનારો ‘ગ્રીન હાઈવે' માર્ચ-૨૦૨૩માં પૂર્ણ કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે.

•

## રાજ્યના ધોરી માર્ગોના વિસ્તૃતીકરણની પ્રગતિ હેઠળનાં કામોની મુલાકાત લેતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ




મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ધોરી માર્ગોના વિસ્તૃતીકરણની ચાલી રહેલી કામગીરીની વિવિધ સ્થળોએ મુલાકાત લઈને પ્રગતિ નિહાળી તેમજ સંબંધિત અધિકારીઓ સાથે કામગીરી સંદર્ભમાં સમીક્ષા હાથ ધરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ કામગીરીના નિરીક્ષણ માટેનો ઉપક્રમ લીંબડીથી કર્યો હતો.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ રાજકોટ હાઈવેના ૬ લેન કરવાનાં કામોમાં લીંબડી બગોદરા વચ્ચેનાં કાર્યો તેમજ બગોદરા તારાપુર હાઈવેના ૬ લેન અંતર્ગત અરણેજ નજીકના બ્રિજનિર્માણની પ્રગતિ નિહાળી હતી.

મુખ્યમંત્રીશ્રી આ સમગ્ર રૂટ પર મોટરમાર્ગે ફર્યા હતા અને જુદી જુદી સાઈટ પર પ્રત્યક્ષ જઈને કામોની ગુણવત્તા, વપરાશમાં લેવાતા મટીરિયલ અંગેની વિગતો પણ મેળવી હતી. તેમણે બગોદરા માર્ગ પર કેરાલા પાસે બની રહેલા ઓવરબ્રિજની સાઈટનું પણ નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરખેજ ચિલોડા નેશનલ હાઈવેના ૬ લેન કામો અન્વયે નિર્માણાધીન ઓવરબ્રિજની કામગીરી પણ જોઈ હતી.



# આપણી કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ



## અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ

આઈટી/બીપીઓ ક્ષેત્રમાં **૧૫૨** પ્રતિશતની શાનદાર વૃદ્ધિ થઈ, જ્યારે સ્વાસ્થ્યમાં **૭૭** પ્રતિશત, શિક્ષણમાં **૩૯** પ્રતિશત, મેન્યુફેક્ચરીંગમાં **૨૨** પ્રતિશત, પરિવહનમાં **૬૮** પ્રતિશત અને નિર્માણમાં **૪૨** પ્રતિશત વૃદ્ધિ નોંધાઈ.

એપ્રિલથી જૂન, ૨૦૨૧ના સમયમાં ત્રિમાસિક રોજગાર સર્વેના પહેલા પરિણામ અનુસાર છઠ્ઠી આર્થિક ગણના (૨૦૧૩-૧૪)નાં ૯ ક્ષેત્રોમાં સામૂહિક ૨.૩૭ કરોડની તુલનામાં નક્કી કરેલ ક્ષેત્રોમાં **રોજગારી વધીને ૩.૦૮ કરોડ** થઈ ગઈ. આ રીતે રોજગારમાં ૨૯ પ્રતિશતનો વધારો નોંધવામાં આવેલ છે. આઈટી/બીપીઓ ક્ષેત્રમાં **૧૫૨** પ્રતિશતની શાનદાર વૃદ્ધિ થઈ, જ્યારે સ્વાસ્થ્યમાં **૭૭** પ્રતિશત, શિક્ષણમાં **૩૯** પ્રતિશત, મેન્યુફેક્ચરીંગમાં **૨૨** પ્રતિશત, પરિવહનમાં **૬૮** પ્રતિશત અને નિર્માણમાં **૪૨** પ્રતિશત વૃદ્ધિ નોંધાઈ. આ જાણકારી ૨૦ ડિસેમ્બરના રોજ કેન્દ્રીય શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી રામેશ્વર તેલીએ આપેલ છે.

ઉલ્લેખનીય છે કે એપ્રિલ ૨૦૨૧માં કેન્દ્ર સરકાર દ્વારા અખિલ ભારતીય ત્રિમાસિક પ્રતિષ્ઠાન આધારિત સર્વે લોન્ચ કરવામાં આવ્યો હતો.

વાર્ષિક સામયિક શ્રમશક્તિ સર્વે અનુસાર દેશમાં સામાન્ય સ્થિતિના આધારે ૧૫ વર્ષ અને તેની ઉપરની ઉંમરવાળી વ્યક્તિઓ માટે અંદાજિત બેરોજગારી દર ૨૦૧૭-૧૮માં ૬, ૨૦૧૮-૧૯માં ૫.૮ અને ૨૦૧૯-૨૦માં ૪.૮ છે.

સરકારની પ્રાથમિકતા રોજગાર નિર્માણ તેમજ રોજગારી માટે કૌશલ્ય વધારવાની છે. તે મુજબ ભારત સરકારે દેશમાં રોજગારીના સર્જન માટે વિભિન્ન પગલાં લીધેલ છે. ભારત સરકાર નક્કર રોકાણ અને સાર્વજનિક ખર્ચ વિભિન્ન પરિયોજનાઓને પ્રોત્સોહિત કરી રહેલ છે. તેમાં સૂક્ષ્મ, લઘુ તથા મધ્યમ ઉદ્યોગ મંત્રાલયના પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ, ગ્રામીણ વિકાસ મંત્રાલયની પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના, આવાસ અને શહેરી કાર્ય મંત્રાલયની દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન તથા કૌશલવિકાસ અને ઉદ્યમતા મંત્રાલયની પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના સામેલ છે.

ભારત સરકારે વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે અને કોવિડ-૧૯ના નકારાત્મક પ્રભાવને દૂર કરવા માટે આત્મનિર્ભર ભારત પેકેજની ઘોષણા કરી છે. એ પેકેજ અંતર્ગત સરકાર ૨૭ લાખ કરોડ રૂપિયાથી વધુનું રાજકોષીય પ્રોત્સાહન આપે છે. ભારત સરકારની 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના'ને કર્મચારી ભવિષ્યનિધિ અંતર્ગત ૧૨ ટકા માલિકનો ફાળો અને ૧૨ પ્રતિશત કર્મચારીના ફાળાનું યોગદાન આપેલ છે. આ ૧૫ હજારથી ઓછી આવકવાળા ૯૦ ટકા કર્મચારીઓ માટે ૧૦૦ કર્મચારિઓવાળા એકમો માટે માર્ચથી ઓગસ્ટ ૨૦૨૦ના પગારના કુલ ૨૪ ટકા છે.

આત્મનિર્ભર ભારત પેકેજ ૩.૦ના ભાગરૂપે ૧ ઓક્ટોબર ૨૦૨૦થી આત્મનિર્ભર ભારત યોજના લોન્ચ કરી. તેનો ઉદ્દેશ સામાજિક સુરક્ષા લાભોની સાથે નવી રોજગારીનું સર્જન અને કોવિડ-૧૯ મહામારી દરમિયાન રોજગારને થયેલ નુકસાનની ભરપાઈ માટે નોકરીદાતાઓને સંવેદનશીલ બનાવેલ છે. આ યોજના કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના માધ્યમથી લાગુ કરવામાં આવેલ છે. તેનો ઉદ્દેશ નોકરીદાતાઓના આર્થિક બોજને ઓછો કરવો અને તેમને વધુમાં વધુ શ્રમિકો રાખી શકે તે માટે પ્રોત્સાહિત કરવાનો છે. લાભાર્થીઓની નોંધણી માટેની અંતિમ તારીખ ૩૦-૬-૨૦૨૧થી વધારીને ૩૧-૩-૨૦૨૨ સુધી કરાઈ છે. **૧.૧૭** લાખ સંસ્થાઓના માધ્યમ દ્વારા **૩૯.૫૯** લાખ લાભાર્થીઓને લાભ આપવામાં આવી રહ્યો છે.

પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેંડર આત્મનિર્ભર નિધિ યોજના શહેરી ક્ષેત્રોમાં સ્ટ્રીટ વેંડરોને કામકાજ માટેની રકમની ચુકવણી માટે ૧ જૂન, ૨૦૨૦ના રોજ લોન્ચ કરવામાં આવી. એવા સ્ટ્રીટ વેન્ડરો જેના વ્યવસાયને કોવિડ-૧૯ના કારણે પ્રતિકૂળ પ્રભાવ પડેલ હતો. આ યોજના દ્વારા **૨૬.૪૬ લાખ લાબાર્થીઓને ૨૬૪૧.૪૬ કરોડ રૂપિયાની ચુકવણી** કરવામાં આવી છે.



સ્વરોજગારની સુવિધા માટે સરદાર દ્વારા પ્રધાનમંત્રી **મુદ્રા યોજના** અમલમાં મૂકવામાં આવી છે. તેમાં સૂક્ષ્મ/લઘુ વ્યવસાય ઉદ્યોગોને તથા વ્યક્તિઓને તેમની વ્યવસાય ગતિવિધિઓ તેજ કરવા અને વધારવા માટે સક્ષમ બનાવવા માટે કોઈપણ પ્રકારની ગેરંટી વગર ૧૦ લાખ સુધીની લોનની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત **૩૧.૨૮ કરોડ લોન નવેમ્બર ૨૦૨૧ સુધીમાં મંજૂર કરવામાં આવેલ છે.**

પગલાંઓ ઉપરાંત મેક ઇન ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, સ્માર્ટ સિટી મિશન, અટલ નવીકરણ તથા શહેરી પરિવર્તન મિશન, બધા માટે આવાસ યોજના, ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, ઔદ્યોગિક કોરિડોર તથા ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન યોજના જેવી સરકારની અગ્રણી યોજનાઓનો ઉદ્દેશ પણ રોજગારનું સર્જન કરવાનો છે.

## સેમીકંડક્ટરો અને ડિસ્પ્લે ઇકોસિસ્ટમના વિકાસ માટે ૭૬,૦૦૦ કરોડ રૂપિયાના વ્યાપક કાર્યક્રમને મંજૂરી મળી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં ૧૫ ડિસેમ્બરે ભારતને ઇલેક્ટ્રોનિક સિસ્ટમ ડિઝાઇન અને ઉત્પાદનના વૈશ્વિક કેન્દ્રના રૂપમાં સ્થાપવાના ઉદ્દેશથી દેશમાં સેમીકંડક્ટરો અને ડિસ્પ્લે ઇકોસિસ્ટમના વિકાસ માટે **૭૬,૦૦૦ કરોડ રૂપિયા**ના વ્યાપક કાર્યક્રમને મંજૂરી આપવામાં આવી. આ કાર્યક્રમ સેમીકંડક્ટરો અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરીંગની સાથે સાથે ડિઝાઇનના ક્ષેત્રમાં કંપનીઓને વિશ્વસ્તરે પ્રતિસ્પર્ધા માટે પ્રોત્સાહન પેકેજ આપીને ઇલેક્ટ્રોનિક સામગ્રીઓના નિર્માણ દ્વારા એક નવા યુગની શરૂઆત કરશે. આ વ્યૂહાત્મક મહત્ત્વ તથા આર્થિક આત્મનિર્ભરતાના આ ક્ષેત્રમાં ભારતના પ્રોદ્યોગિકી નેતૃત્વ માટે માર્ગ પ્રશસ્ત કરશે.

મોટા પાયા પર ઇલેક્ટ્રોનિક ઉત્પાદ માટે પીએલઆઈ, આઈટી હાર્ડવેયર માટે પીએલઆઈ, સ્પેક્સ યોજના તથા ઉન્નત ઇલેક્ટ્રોનિક્સ વિનિર્માણ ક્લસ્ટર (ઈએમસી ૨.૦) યોજના માટે પીએલઆઈ અંતર્ગત ૫૫,૩૯૨ કરોડ રૂપિયા (૭.૫ બિલિયન અમરિકી ડોલર)ની પ્રોત્સાહન સહાયક રકમની મંજૂરી આપવામાં આવી. આ ઉપરાંત એસીસી બૈટરી, ઓટો એકમો, દૂરસંચાર તથા નેટવર્કિંગ ઉત્પાદનો, સૌર પીવી મોડ્યુલ એવં વ્હાઇટ ગુડ્સ સહિત સંબંધિત ક્ષેત્ર માટે **૯૮,૦૦૦ કરોડ રૂપિયા** (૧૩ બિલિયન અમેરિકી ડોલર)ની પીએલઆઈ પ્રોત્સાહન રકમને મંજૂરી આપવામાં આવેલ છે. કુલ મળીને ભારત સરકારે આધારભૂત બિલ્ડિંગ બ્લોક રૂપે દેશને સેમીકંડક્ટોરવાળી ઇલેક્ટ્રોનિક સામગ્રીના નિર્માણ માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા માટે **૨,૩૦,૦૦૦ કરોડ રૂપિયા** (૩૦ બિલિયન અમેરિકી ડોલર)ની સહાયતા કરી છે.

ઉપરોક્ત કાર્યક્રમનો ઉદ્દેશ સિલિકોન સેમીકંડક્ટર ફૈબ, ડિસ્પ્લે ફૈબ, કંપાઉંડ સેમીકંડક્ટરો/સિલિકોન ફોટોનિક્સ/સેંસર (એમઈએમએમ સહિત) ફૈબ, સેમીકંડક્ટર પેકેજિંગ (એટીએમપી/ઓએસએટી), સેમીકંડક્ટર ડિઝાઇનના કામ સાથે સંકળાયેલ કંપનીઓને આકર્ષક પ્રોત્સાહન સહાય પ્રદાન કરવાનો છે.

સેમીકંડક્ટર અને ડિસ્પ્લે આધુનિક ઇલેક્ટ્રોનિક્સનો પાયો છે. જે ઉદ્યોગ ૪.૦ હેઠળ ડિજિટલ પરિવર્તનના પથ પર આગળ વધી રહેલ છે. સેમીકંડક્ટરો અને ડિસ્પ્લે પદ્ધતિઓનું ઉત્પાદન ખૂબ જ જટિલ અને ટેકનોલોજીનું વિશાળ ક્ષેત્ર છે, જેમાં મોટા પાયે ખૂબ મૂડીરોકાણ, મોટું જોખમ, લાંબો સમયગાળો અને વળતરનો સમયગાળો તથા ટેકનોલોજીમાં ઝડપથી ફેરફાર સામેલ છે અને તેના માટે વધારે અને નિરંતર મૂડીરોકાણની આવશ્યકતા હોય છે. આ કાર્યક્રમ મૂડી સહાયતા અને ટેકનોલોજી સહયોગની સુવિધા પ્રદાન કરીને સેમીકંડક્ટરો અને ડિસ્પ્લે પ્રણાલીનું ઉત્પાદનને પ્રોત્સાહન આપશે.

વર્તમાન ભૌગોલિક રાજકીય પરિદ્રશ્યમાં સેમીકંડક્ટરો અને ડિસ્પ્લેમાં વિશ્વસનીય સ્રોત મહત્ત્વની ભૂમિકા રાખે છે તથા મહત્ત્વપૂર્ણ સૂચના મૂળભૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા માટે અનિવાર્ય છે. આ કાર્યક્રમ ભારતની ડિજિટલ સાર્વભૌમત્વની ખાતરી કરવા માટે નવીનતાને પ્રોત્સાહન માટે અને સ્વદેશી ક્ષમતાઓનું નિર્માણ કરશે.


સેમીકંડક્ટર અને ડિસ્પ્લે પ્રણાલીના વિકાસનું વૈશ્વિક મૂલ્ય સાથે વિકાસના ઊંડા એકીકરણમાં પરિણમે તેથી અર્થવ્યવસ્થાના વિભિન્ન ક્ષેત્રોમાં સૌથી વધારે પ્રભાવ પડશે. આ કાર્યક્રમ ઇલેક્ટ્રોનિક સામગ્રીઓના ઉત્પાદન દ્વારા ઉચ્ચ સ્વદેશી મૂડીમાં વધારો કરશે અને ૨૦૨૫ સુધીમાં ૧ ટ્રિલિયન અમેરિકી ડોલરની ડિજિટલ અર્થવ્યવસ્થા અને ૫ ટ્રિલિયન અમેરિકી ડોલરના કુલ સ્વદેશી ઉત્પાદનના લક્ષ્ય સુધી પહોંચવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે.

●





# હિંદુઓને પરસ્પર સહકાર દાખવતાં અને એકબીજાની કદર કરતાં શીખવે એવી ખાસ જરૂર - સ્વામી વિવેકાનંદ



## ભારતની દીપસ્તંભ પ્રતિભા

સ્વામી વિવેકાનંદ જેના નામસ્મરણથી વ્યક્તિમાત્રમાં ગૌરવ અને ચેતનાનો સંચાર થવા લાગે છે. સમગ્ર વિશ્વ આજે પણ આધ્યાત્મિકતા, ધર્મ, જીવ, જગત અને ઈશ્વર સંબંધી વિચારણા કરતાં જ્યારે પણ મૂંઝવણ અનુભવે છે ત્યારે આ 'દીપસ્તંભ પ્રતિભા'માંથી પ્રકાશ પ્રાપ્ત કરે છે.

૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના મકરસંક્રાંતિના પવિત્ર પર્વે સ્વામી વિવેકાનંદનો જન્મ થયો. એમનું બાળપણનું નામ નરેન્દ્રનાથ હતું. ચાર દાયકાનું પણ પૂરું જીવન ન જીવનાર ભારતની આ વિરલ વિભૂતિએ નવયુગના જ્યોતિર્ધર તરીકેનું સ્થાન લઈ લીધું છે.

આપણે સૌ રાજનીતિ ક્ષેત્રે કાર્ય કરતા કાર્યકર્તાઓ છીએ. આપણી ભારતીય જનતા પાર્ટી વિચારધારાને વરેલી પાર્ટી છે. ભાજપાના કાર્યકર્તાઓને ગર્વ અને ગૌરવ એ વાતનું છે કે તેઓ એક મૂલ્યનિષ્ઠ રાજકીય પાર્ટીના કાર્યકર્તા છે. આપણી પંચનિષ્ઠાઓ પણ આપણને સતત એ વાતની યાદ અપાવે છે કે આપણે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ, લોકતંત્ર, એકાત્મ માનવદર્શન, સર્વધર્મ સમભાવ અને મૂલ્યો આધારિત રાજનીતિને વરેલા છીએ. રાજનીતિમાં કાર્યરત હોવા છતાં આપણો પ્રાણમંત્ર સત્તા નહીં, પણ રાષ્ટ્રસેવા, સમાજસેવા અને લોકસેવા બની રહ્યો છે.

ભારતીય જનતા પાર્ટીની મૂલ્યનિષ્ઠ રાજનીતિ અને સાંસ્કૃતિક - રાષ્ટ્રવાદની વિચારધારા ઉપર સ્વામી વિવેકાનંદની વિચારધારાનો ઊંડો પ્રભાવ જોવા મળે છે.

૧૨મી જાન્યુઆરી, વિશ્વવંદ્ય વિભૂતિ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી પ્રસંગે સંગઠન, કાર્યકર્તાઓ અને નેતૃત્વને પ્રેરણારૂપ બની રહે તેવા વિવેકાનંદે વ્યક્ત કરેલ વિચારો પ્રસ્તુત છે.

શ્રી એકનાથજી રાનડે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અગ્રણી પ્રચારક અને મહાસચિવ હતા. કન્યા કુમારી મુકામે દરિયાની વચ્ચે શિલા પર સ્વામી વિવેકાનંદના ભવ્ય સ્મારકના નિર્માણમાં એકનાથજીએ ભારે જહેમત ઉઠાવી હતી.

સન ૧૯૬૩માં એકનાથજીએ વિવેકાનંદના વિચારો જન જન સુધી પહોંચે તે હેતુથી 'સ્વામી વિવેકાનંદનું હિંદુ રાષ્ટ્રને સંબોધન' નામના પુસ્તકનું સંપાદન કરેલ. આ જ પુસ્તકમાંથી લીધેલા થોડા પ્રેરણાદાયી વિચારો 'વિવેકાનંદ જન્મજયંતી' પ્રસંગે અત્રે પ્રસ્તુત છે.

સ્વામી વિવેકાનંદે પોતાના ટૂંકા જીવન દરમ્યાન ભારતવર્ષ માટે અને ખાસ કરીને યુવાનો માટે વિચારોનો સાગર છલકાવી દીધો છે. સ્વામીજીના આ વિચારો એટલા તાકાતવાન, બલવાન અને પ્રાણવાન છે કે મડદામાં પ્રાણ પૂરી શકે છે. આ વિચારો ગઈ કાલે એટલા પ્રસ્તુત હતા, આજે પણ છે અને



આવતીકાલે પણ રહેશે.

આપણે સૌ વિચારધારાને વરેલી રાજકીય પાર્ટીમાં અને જાહેર જીવનમાં કાર્યરત કાર્યકર્તા છીએ ત્યારે સ્વામીજીના પ્રેરણાત્મક વિચારોને આપણા જીવન-આચરણમાં મૂકી, જીવન સાર્થક બનાવીએ.

### અખંડ પ્રેમના એકસૂત્રે સંધાયેલ સંગઠન જરૂરી છે

હિંદુઓને પરસ્પર સહકાર દાખવતાં અને એકબીજાની કદર કરતાં શીખવે એવી સંસ્થાની ખાસ જરૂર છે. કલકત્તાની સભામાં પાંચ હજાર લોકોએ હાજરી આપી હતી. બીજાં સ્થળોએ પણ સેંકડોની સંખ્યા હતી. મારા કાર્યની કદર કરવા એ સૌ ભેગા મળ્યા હતા. ઠીક વાત છે ! પરંતુ, પ્રત્યેકને એક એક આનો આપવાનું કહો તો કેટલા ઊભા રહે ? આપણું આખુંય રાષ્ટ્રીય ઘડતર બાલિશ પરાધીનતા પર ચણાયેલું છે. મોંમાં કોળિયો મૂકે, તો ખાવા સૌ કોઈ તૈયાર છે. કેટલાકને તો એ કોળિયો કોઈ ગળે ઉતારી દે તો ગમે એવું છે. તમે સ્વાશ્રયી ન હો તો તમને જીવવાનો અધિકાર નથી.

ભારતમાં ત્રણ માણસો પાંચ ક્ષણ માટે એકસાથે સહકારથી કાર્ય કરી શકતા નથી. પ્રત્યેક સત્તા માટે ઝઘડે છે. પરિણામે આખી સંસ્થા પર ભય ઊભો થાય છે. ભગવાન ! ભગવાન ! ક્યારે આપણે એકબીજાની ઈર્ષા કરતાં અટકીશું ? આવા રાષ્ટ્રમાં વિવિધ મતભેદો હોવા છતાં અખંડ પ્રેમના એકસૂત્રે સંધાયેલા મનુષ્યોનો સંઘ ઊભો કરવો એ અદ્‌ભુત કાર્ય નથી ? આવો સંઘ વર્ધિષ્ણુ હશે. એની સભ્યસંખ્યા વધતી જશે. આ અદ્‌ભુત સ્વાતંત્ર્યનો વિચાર અને અખૂટ શક્તિ અને પ્રગતિ ભારતભરમાં વ્યાપી જશે, તો જ સમગ્ર રાષ્ટ્રમાં વિદ્યુતશક્તિ પેદા થશે. ભયંકર અજ્ઞાન, ઈર્ષા, જ્ઞાતિવાદ, પ્રાચીન જડવાદ, ને અસૂયા જેવા ગુલામોના રાષ્ટ્રનો વારસો ધરાવતા આ સમાજની રગેરગમાં એ ભાવ પ્રવેશશે.

### નિઃસ્વાર્થ માનવસેવાનું વ્રત લો

પ્રત્યેક કાર્યને ત્રણ તબક્કાઓમાંથી પસાર થવું પડે છે : અવહેલના, વિરોધ અને સ્વીકાર. પોતાના જમાનાથી પરની વાતોનો વિચાર કરનાર જરૂર ગેરસમજનો ભોગ બને છે. એટલે વિરોધ ને દમન આવકાર્ય છે. ફક્ત મારે અડગ અને પવિત્ર રહેવાની જરૂર છે. પ્રભુમાં અસીમ શ્રદ્ધા રાખવાથી આ બધાં ઓગળી જશે. સમાજને ખુશ રાખી, સાથે સાથે મહાન કાર્યો સાધ્યાં હોય એવા કોઈ નથી, અંતરનો અવાજ ઊઠે એ પ્રમાણે દરેકે કામ કર્યે જવું. એ સાચું ને કલ્યાણકારી હશે તો સમાજ એને જરૂર અપનાવશે. ભલે એ વ્યક્તિ હયાત ન હોય, ભલે એ કાર્ય કર્યાને સદીઓ વીતી ગઈ હોય. આપણે મનસાવાચાકર્મણા કાર્યમાં લાગી જવું જોઈએ. તન-મન-ધનથી સર્વસ્વ ન્યોછાવર કરવા કટિબદ્ધ થઈશું નહિ ત્યાં સુધી આપણે કદી પામી શકીશું નહિ - કદી નહિ.

જે વ્યક્તિઓએ માનવસેવાનાં વ્રત લેવાં હોય તેણે પોતાનાં સુખદુઃખ, નામ ને ખ્યાતિ, પ્રત્યેક પ્રકારની આશા આકાંક્ષાઓ, સૌને પૂળો વાળી સાગરમાં પધરાવી દેવો જોઈએ, ને પછી પ્રભુચરણે જવું જોઈએ. જગતના મહાપુરુષોએ આ જ કહ્યું છે ને કર્યું છે.

### શિસ્તપાલક અને આજ્ઞાપાલક બનો

જે આજ્ઞા પાળી જાણે છે તે આજ્ઞા કરી શકે છે. પ્રથમ આજ્ઞાપાલન શીખવાની જરૂર છે. આ પાશ્ચાત્ય રાષ્ટ્રોમાં સ્વાતંત્ર્ય ભાવનાની કક્ષા જેટલી ઊંચી એટલી જ આજ્ઞાપાલનની ભાવના બળવત્તર છે. આપણે બધા જ આપણી જાતને જ મોટા માનીએ છીએ. એમ હોવાથી આપણે કોઈ પણ કામ કરી શકતા નથી. મહાન સાહસો, અગાધ ધૈર્ય, ગજબ શક્તિ છતાં સાથે સાથે સંપૂર્ણ આજ્ઞાપાલન : આ બધાં વ્યક્તિગત અને રાષ્ટ્રીય ઉત્થાન માટે આવશ્યક લક્ષણો છે. આપણામાં આમાંનું એકે નથી.

અહીં તો બધાને નેતા થવું છે. કોઈને આજ્ઞાપાલક થવું નથી. મહાન કાર્યો કરવાં હોય તો નેતાના આદેશોનું સંપૂર્ણ પાલન થવું જોઈએ. મને મારા ગુરુભાઈ આજ્ઞા આપે કે મારે આ મઠનાં ગટર - જાજરૂ સાફ કરવામાં મારું શેષ જીવન વિતાવવું તો એક હરફ પણ વિરોધમાં ઉચ્ચાર્યા સિવાય હું એ આજ્ઞાનું પાલન કરીશ. આજ્ઞાપાલન કરી જાણે એ જ મહાનાયક બની શકે. સામાન્ય કલ્યાણની વાતમાં કોઈ પણ પ્રકારનો બબડાટ ન ચાલે.

આજ્ઞાધીનતાનો સદ્‌ગુણ કેળવો. પરંતુ એમ કરતાં વધારે પોતાની શ્રદ્ધા ગુમાવી બેસવાની નથી. ઉપરી અધિકારીઓ પ્રતિ આજ્ઞાધીનતા ન હોય તો એક કેન્દ્રવર્તી તંત્ર શક્ય બનતું નથી. વ્યક્તિગત બળોને કેન્દ્રિત કર્યા



## પંથવાદ, ધર્માંધતા અને તેમાંથી પેદા થતાં ભયંકર ધર્મઝનૂન, આ સુંદર જગતને વરસો સુધી પીડતાં રહેલાં છે - સ્વામી વિવેકાનંદ



ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના આતંકવાદ વિષેના પ્રવચનમાં કહ્યું હતું કે, વિશ્વને આતંકવાદના સંહારક વિનાશમાંથી ઉગારવાનું એકમાત્ર સામર્થ્ય હિન્દુસ્તાનની આધ્યાત્મિક સંસ્કૃતિની ધરોહરમાં છે તે ૧૧૪ વર્ષ પહેલાં ૯/૧૧ના દિવસે સ્વામી વિવેકાનંદે, અમેરિકામાં જ વિધર્મ પરિષદમાં ડંકાની ચોટ ઉપર દિગ્વિજય ઘોષ કરીને કહ્યું હતું, પરંતુ, ૨૧મી સદીમાં ૯/૧૧ની આંતકવાદી ઘટના અમેરિકાની એ જ ધરતી પર બને અને સમગ્ર વિશ્વને હચમચાવી મૂકે ત્યારે ભારતના સ્વામી વિવેકાનંદે કહેલ સામર્થ્યવાન વિરાસત માટે ગૌરવ અનુભવવું જ જોઈએ.

સ્વામી વિવેકાનંદે ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૩ના દિવસે અમેરિકાની વિશ્વ ધર્મ પરિષદ ખાતે આપેલ ઐતિહાસિક પ્રવચન પર નજર નાંખતાં એ વાત જણાઈ આવે છે કે ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મ પાસે હાલની ત્રાસવાદી સમસ્યાનો ઉકેલ છે.

સ્વામી વિવેકાનંદના પ્રવચનના અક્ષરશઃ શબ્દો આ પ્રમાણે હતા :

'...જે ધર્મે સહિષ્ણુતા અને અખિલ વિશ્વની એકતાનો બોધ દુનિયાને આપ્યો છે તે ધર્મનો અનુયાયી હોવામાં હું ગૌરવ લઉં છું. અમે કેવળ સમગ્ર વિશ્વ પ્રત્યેની સહિષ્ણુતામાં માનીએ છીએ એટલું જ નહીં, પણ સર્વ ધર્મને સાચા તરીકે સ્વીકારીએ છીએ. અમે પૃથ્વી પરની સર્વ પ્રજાઓ અને ધર્મોના ત્રાસિતો અને નિર્વાસિતોને આશ્રય આપ્યો છે અને એ વાતનું મને અભિમાન છે.'

ધર્મની સાચી અને સરળ વ્યાખ્યા આપતાં સ્વામી વિવેકાનંદે કહ્યું : 'જેમ જુદાં જુદાં સ્થળેથી નીકળતા અનેક નદીઓનાં વહેણ અંતે તો મહાસાગરમાં જઈને સમાય છે, એમ, ઓ પ્રભુ ! જુદાં જુદાં માનસિક વલણથી સ્વીકારયેલા ધર્મમાર્ગો ગમે તેવા ભિન્ન હોય, સરળ યા અટપટા હોય, તો તેમાં પણ અંતે તો એ બધા તારા પ્રત્યે જ લઈ જાય છે.'

ત્રાસવાદની ભયાનકતાનો ચિતાર આપતાં સ્વામી વિવેકાનંદે પ્રવચનના અંતે કહ્યું હતું કે, '... પંથવાદ, ધર્માંધતા અને તેમાંથી પેદા થતાં ભયંકર ધર્મઝનૂન, આ સુંદર જગતને વરસો સુધી પીડતાં રહેલાં છે. દુનિયાને એ ઝનૂને હિંસાથી ભરી દીધી છે. માનવલોહીથી વારંવાર રંગી નાંખી છે, સંસ્કૃતિઓનો નાશ કર્યો છે ને સમગ્ર પ્રજાઓને નિરાશામય બનાવી છે. આ ત્રાસવાદી રાક્ષસોનું અસ્તિત્વ જ ન હોત તો, આજના કરતાં માનવસમાજે વધારે પ્રગતિ સાધી હોત. પણ હવે એનો સમય ભરાઈ ગયો છે, અને આજે સવારે આ સભાના સ્વાગતમાં જે ઘંટારવ થયો હતો તે એક જ લક્ષ્ય તરક જતા જુદા જુદા માનવીઓ વચ્ચે રહેલી સંકુચિત વૃત્તિઓનો, સર્વ ઝનૂનવાદોનો અને તલવાર કે કલમથી થતા સર્વ ત્રાસનો મૃત્યુઘંટ હતો, એવી આગ્રહપૂર્વક હું આશા રાખું છું.'

સિવાય કોઈ પણ મહાન કાર્ય થઈ શકતું નથી.

### પરિસ્થિતિ માટે કચવાટ ન કરો : દરેક કર્તવ્ય માટે રુચિ પેદા કરો

જે કાંઈ નજીવું કામ સોંપવામાં આવ્યું હોય એના પ્રતિ જે કચવાટ કરે છે એ દરેક વાત માટે બબડાટ કરશે જ. આમ, કચવાટ કરી એ પોતાના જીવનને દુઃખી દુઃખી કરી મૂકશે અને બધું જ નિષ્ફળતામાં પરિણમશે, પરંતુ જે માણસ જે દશામાં મુકાયો હોય ત્યાં જો એ પોતાની ફરજ બજાવશે, ખભો લગાડી ચક્રને ગતિમાન કરશે, એ પ્રકાશ પામશે. ઊંચાં ને ઊંચાં કર્તવ્યો અદા કરવાનું એને જ માથે આવશે. જે કારીગરને પરિણામની પડી છે તે પોતાને જે કામ સોંપવામાં આવ્યું હોય એને વિશે બબડે છે. વિરક્ત કારીગરને મન બધાં જ કર્તવ્ય સારાં જ હોય છે. સ્વાર્થ અને વાસનાનો વિનાશ કરે એવાં સાધનરૂપ એ બની રહે છે, એના આત્માની મુક્તિ નિશ્ચિત છે.

પરંતુ કકળાટ કરનારને મન તમામ કાર્યો અણગમતાં છે, કશું જ એને સંતોષ આપી શકતું નથી, એનું સમગ્ર જીવન એક નિષ્ફળતાનું પ્રતીક બની જાય છે, માટે આપણે કાર્ય કર્યા જ કરીએ. આપણને જે કર્તવ્ય લાગે એ કર્યા જ કરીએ. ચક્રને ગતિમાન કરવા ખભો ધરવા હરહંમેશ તત્પર રહીએ, ત્યારે જ આપણે નક્કી પ્રકાશ પામીશું !

કોઈ કાર્ય ક્ષુલ્લક નથી,



મહામૂરખ પણ જો એને હૈયે વસી ગયું તો ગમે તેવું કામ પાર પાડશે, પરંતુ જે મનુષ્ય પ્રત્યેક કાર્યને પોતાના શોખની વાત બનાવે છે એ જ ખરો બુદ્ધિશાળી લેખાય.

જગતમાં સઘળું વડના બીજ જેવું છે. ભલે એ રાઈના દાણા જેટલું રહ્યું, છતાં એમાંથી જ વડનું મહાવૃક્ષ પાંગરવાનું છે. જે મનુષ્ય આ વાત સમજે અને પ્રત્યેક કાર્યને સાચી રીતે મહાન બનાવવામાં સફળતા મેળવે એ જ ખરો બુદ્ધિશાળી છે.

## પ્રત્યેક કાર્ય પવિત્ર બનાવો

દરેક કર્તવ્ય પવિત્ર છે. કાર્યનિષ્ઠા એ ઈશ્વરની ઊંચામાં ઊંચી ભક્તિ છે.

આપણી પાસે જે કામ હોય, જે કાર્ય આપણા હાથમાં હોય, એ કર્મ સારામાં સારી રીતે પાર પાડવાથી આપણે આપણી જાતને શક્તિશાળી બનાવીએ છીએ. ડગલે ડગલે આ રીતે આપણે આપણી શક્તિ વધારીએ છીએ. એક દિવસ એવો પણ આવશે જ્યારે સમાજ અને જીવનમાં પ્રિય અને માનદ કાર્યો કરવાનો આપણો અધિકાર થઈ ચૂક્યો હશે, એ કક્ષાએ આપણે પહોંચી ગયા હોઈશું ! આપણે જેને માટે લાયક હોઈએ એ પરિસ્થિતિ આપણને મળે છે. દરેક દડા માટે કાણું નિયત કરેલું હોય છે જ અને એક વ્યક્તિમાં બીજી વ્યક્તિ કરતાં વધારે શક્તિ હશે તો જગત એ પણ શોધી કાઢશે. આ પ્રમાણે સર્વવ્યાપી અનુકૂલન ચાલ્યા જ કરે છે, એટલે લબડવાનો કશો જ અર્થ નથી. કોઈ શ્રીમંત હોય પણ એ દુષ્ટ હોય છતાં એનામાં એવા ગુણો તો હશે જ જેણે એને ધનવાન બનાવ્યો, બીજા માણસમાં પણ જો એવા જ ગુણો હશે તો એ પણ એવો જ શ્રીમંત બનશે, પછી ફરિયાદ કરવાનો કે ઝઘડવાનો અર્થ શો ? એથી સારી વાત પ્રતિ આપણી પ્રગતિ નહિ થાય.

## કાર્યકર્તાઓમાં સમૂહભાવના જગાડો

કોઈ પણ બંધુનું ભૂંડું બોલવા કોઈ પણ વ્યક્તિ તમારી પાસે આવે તો એને બિલકુલ સાંભળશો નહિ. એને કાન ધરવો એ પણ મહાપાપ છે. એમાં જ ભાવિ સંઘર્ષનાં બીજ છે.

બીજું પ્રત્યેકની ઊણપો નિભાવી લો. કરોડો અપરાધો માફ કરો. બધાને તમે નિઃસ્વાર્થભાવે પ્રેમ કરતા હશો તો ધીમે ધીમે બધા એકબીજાને ચાહતા થઈ જશે. જેવા તે સમજશે કે એકનો સ્વાર્થ બીજાના સ્વાર્થ પર અવલંબે છે કે તુરત બધા જ ઈર્ષાનો ત્યાગ કરશે. સમૂહગત રીતે કાંઈક કરવું એ આપણી રાષ્ટ્રીય ખાસિયતમાં જ નથી. માટે જ તમારે એ ભાવના જગાડવા ખૂબ જ સંભાળપૂર્વક પ્રયાસ કરવો અને ધીરજની વાટ જોવી.

## એકાત્મ માનવદર્શન

પં. દીનદયાળ ઉપાધ્યાયનું 'એકાત્મ માનવદર્શન' માનવીના વ્યક્તિત્વના સમગ્ર સંકલિત રૂપમાં પરિપ્રેક્ષ્યના, સમન્વયના આધારે સમાજરચના જોઈએ એવો ભાવ વ્યક્ત કરે છે. વ્યક્તિ, કુટુંબ સમાજ, દેશ, રાષ્ટ્ર અને અંતે દુનિયા આખી પરસ્પર સંકળાયેલાં છે. સમાજ બાબતે પણ જુદા જુદા વર્ગો, પ્રાંતો, ભાષા કે પંથના ટુકડાઓનો વિચાર ન કરતાં સમગ્ર સમાજનો વિચાર કરવો જોઈએ.

પં. દીનદયાળજી માનતા કે માનવી સૌ સરખા. સૌને વિકાસની સરખી તક મળવી જોઈએ. 'એકાત્મ માનવદર્શન' સર્વે જનાઃ સુખિનઃ સન્તુ (એટલે કે હું એકલો નહિ, સૌ સુખી થાય) ભાવનાને પ્રકટ કરતું અલૌકિક ચિંતન છે. ભાજપાએ એમની પંચનિષ્ઠામાં આ દર્શન સ્વીકાર્યું છે.

સ્વામી વિવેકાનંદે પણ વિશ્વકલ્યાણ માટે એકવાર કહેલું કે -

બીજા પ્રત્યેનું આપણું કર્તવ્ય એટલે બીજાઓને સહાય કરવી, જગતનું ભલું કરવું. જગતનું ભલું આપણે શા માટે કરવું ? જગતનું ભલું કરવા જેવું એ દેખાય છે, પણ ખરી રીતે તો તે આપણા પોતાના જ કલ્યાણ માટે હોય છે. જગતને સહાય કરવાનો આપણે હંમેશાં પ્રયત્ન કરવો જોઈએ, અને એ ઉચ્ચ હેતુનો હોવો જોઈએ; પણ જો ઊંડાણથી વિચાર કરીએ તો જગતને આપણી સહાયની જરાયે જરૂર નથી. તમે કે હું જઈને મદદ કરીએ એટલા માટે આ જગત સર્જવામાં આવ્યું નથી. એક વેળા એક ઉપદેશ મારા વાંચવામાં આવ્યો. તેમાં કહેવામાં આવ્યું હતું : 'આ સમગ્ર જગત ઘણું સારું છે, કેમ કે બીજાને સહાય કરવાનો સમય અને તક એ આપણને આપે છે.' દેખીતી રીતે આ બહુ સારો લાગણીભર્યો વિચાર છે, પણ જગત આપણી સહાયની અપેક્ષા રાખે છે એમ કહેવામાં ઈશ્વરની નિંદા નથી ? જગતમાં ખૂબ દુઃખ છે એની ના પાડી શકાય તેમ નથી; એટલે બીજાની સહાય માટે બહાર પડવું એ આપણું શ્રેષ્ઠ કર્તવ્ય છે. જોકે લાંબે ગાળે, બીજાને જ સહાય કરી રહ્યા છીએ, એમ અવશ્ય લાગશે.



## હિન્દુ ધર્મ સહિષ્ણુ છે - સ્વામી વિવેકાનંદ

## હિન્દુ ધર્મ વૈજ્ઞાનિક અને સનાતન છે - શ્રી અટલજી

હિન્દુ અને હિન્દુ ધર્મ વિશે બોલતાં શ્રી અટલજીએ એકવાર કહ્યું હતું કે, હું એક હિન્દુ છું, હિન્દુ હોવામાં સુખ અનુભવાય છે. હિન્દુ ધર્મ પ્રતિ મારા આકર્ષણનું મુખ્ય કારણ એ છે કે આ ધર્મ માનવતાનો સર્વોત્કૃષ્ટ ધર્મ છે. હિન્દુ ધર્મનું સ્વરૂપ હિન્દુ સમાજ દ્વારા નિર્મિત થાય છે. હિન્દુ ધર્મ કોઈ મતવાદી ધર્મ નથી. હિન્દુ ધર્મમાં કોઈ ધર્મ-વિદ્રોહી નથી હોતા. હિન્દુ ધર્મ અનુસાર જીવનનો કોઈ પ્રારંભ નથી કે જીવનનો કોઈ અંત નથી. આ એક અનંત ચક્ર છે. હિન્દુ ધર્મને સનાતન ધર્મ કહેવાય છે. હિન્દુ તરીકે જન્મ લેવો એક સંતોષપ્રદ બાબત અને કસોટી પણ છે.

હિન્દુત્વના જાગરણનો અર્થ એ છે કે આપણે આપણી સંસ્કૃતિની માન્યતાઓ અનુસાર જીવનઘડતર કરી જીવન જીવીએ અને તેને અનુરૂપ એક આદર્શ વ્યવસ્થા નિર્મિત કરીએ.

સ્વામી વિવેકાનંદે પોતાનાં પ્રવચનોમાં હિન્દુ ધર્મની સહિષ્ણુતાની અને હિન્દુઓમાં રહેલી ભાઈચારાની ભાવનાઓની વાતો ખૂબ કરી. લોસ એન્જેલિસ ખાતે એક વિશાળ જનમેદનીને સંબોધતાં તેઓએ કહેલું, મને એવા રાષ્ટ્રના નાગરિક હોવાનું ગૌરવ છે કે જે તમામ રાષ્ટ્રોના પીડિતો તથા શરણાર્થીઓને આશ્રય આપતું રહ્યું છે. રોમન આક્રમણખોરોએ યહૂદીઓના સાઈનાગો પર હુમલો કરીને એને ધ્વસ્ત કરી નાખ્યું. ત્યારે અમે એ બચી ગયેલા યહૂદીઓને આશ્રય આપીને, એમનું પાલન-પોષણ કર્યું હતું, જેના પરિણામે આજે પણ મલબારમાં યહૂદીઓ ટકી રહ્યા છે. બીજી વખતે એ જ હિન્દુઓએ, જયારે અગ્નિપૂજક ઈરાનીઓની સમૂળગી કતલ થવાથી ભાગી આવેલી ત્યારે, બચી ગયેલા પારસીઓને ગુજરાતમાં સંઘર્યા હતા. ખ્રિસ્તીઓ આજે પણ ભારતમાં પોતાની માન્યતા મુજબ ધર્મ પાળીને રહે છે. આજે પણ આ સહિષ્ણુતાની ભાવના મરી ગઈ નથી, એ મરવાની નથી અને ભારતમાં એ મરી શકે નહી.


આમ, વિદેશની ધરતી ઉપર, ત્યાંની આધુનિક પ્રજા સમક્ષ સ્વામી વિવેકાનંદે પોતાની આગવી પ્રતિભાથી હિન્દુ ધર્મની અને ભારતીય સંસ્કૃતિની સર્વગ્રાહી ઉદાત્તવૃત્તિનો પરિચય કરાવી, સૌની આંખ ઉઘાડી નાંખી.

## ભાજપની પંચનિષ્ઠામાંની એક, 'સર્વધર્મ સમભાવ' વિવેકાનંદના વિચારોની પ્રેરણા છે

ભારતીય જનતા પાર્ટી પ્રાદેશિક અસમાનતાવિહીન ભારતના નિર્માણમાં માને છે કે જ્યાં કોઈ નીતિ-જાતિ વચ્ચે ભેદભાવ ન હોય અને ધાર્મિક કલહ પણ ન હોય. ભાજપ સકારાત્મક સર્વપંથ સમભાવમાં દૃઢ વિશ્વાસ ધરાવે છે. ભાજપ મજહબી રાજના સિદ્ધાંતને જ નકારે છે. ભાજપા હંમેશથી વાસ્તવિક સેક્યુલરવાદથી બંધાયેલી પાર્ટી છે અને તે આપણા બહુધર્મી સમાજના બધા વર્ગોના અંતરંગ વિકાસનો હિસ્સો છે, જેમાં અલ્પસંખ્યકોનો પણ સમાવેશ થાય છે. 'તમામને ન્યાય, અને કોઈનું તુષ્ટીકરણ નહિ' એ ભાજપનું સૂત્ર છે. હિન્દુત્વ સંસ્કૃતિની ચાહક ભાજપ, ભારતની એકતાને કમજોર થવા નહીં દે.

## અટલજીની જન્મજયંતીએ ડૉક્ટરસેલ દ્વારા ૧૨૦૦થી વધુ ડૉક્ટરો અને ૨૩૦૦થી વધારે સ્ટાફ દ્વારા એક જ દિવસમાં ૧,૨૦,૦૦૦થી વધુ લોકોના બ્લડ સુગર અને બ્લડ પ્રેશરનું સ્ક્રીનિંગ કરી એક સાથે બે વર્લ્ડ રેકોર્ડ સર્જ્યા

પરમ શ્રદ્ધેય પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતી નિમિત્તે સમગ્ર ગુજરાતભરના ૫૭૯ મંડળમાં ફ્રી બલ્ડ સુગર અને બલ્ડ પ્રેશર સ્ક્રીનિંગ કાર્યક્રમનું ભાજપા મેડિકલ સેલ ગુજરાત પ્રદેશ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એક મંડળમાં ૨૦૦થી વધારે લોકોનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતભરમાં ૧,૨૦,૦૦૦થી વધુ લોકોના બલ્ડ સુગર અને બ્લડ પ્રેશરનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું અને તે સાથે જ પૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતી નિમિત્તે સેવાકીય કાર્ય થકી એક સાથે બે વર્લ્ડ રેકોર્ડ નોંધાયા છે. આ સેવાકીય કાર્યમાં ડોકટર મિત્રો અને મેડિકલ સ્ટાફે પણ ઉત્સાહથી ભાગ લીધો હતો અને ૧૨૦૦થી વધારે ડૉકટર મિત્રો અને ૨૩૦૦થી વધારે મેડિકલ સ્ટાફના મિત્રો સેવાના આ ભગીરથ કાર્યમાં જોડાયા હતા.



## લાલા હરદયાળ

જન્મ : ૫-૧૧-૧૮૮૪ • અવસાન : ૪-૩-૧૯૩૯

ગદર પાર્ટીના સ્થાપક લાલા હરદયાળ દિલ્હીના વતની હતા. પ્રાથમિક શિક્ષણ દિલ્હીમાં અને ઉચ્ચ શિક્ષણ લાહોરમાંથી લઈ તેઓ ઉચ્ચ અભ્યાસ માટે લંડન ગયેલા. અહીં તેમને ઈન્ડિયા હાઉસના સ્થાપક શ્યામજી કૃષ્ણવર્માનો ભેટો થયો. શ્યામજીએ એમની અંદર સ્વદેશી ભાવનાની ચિનગારી એવી તો પ્રગટાવી કે અંગ્રેજી ડિગ્રી પરથી તેમનું મન ઊઠી ગયું. સરકારની શિષ્યવૃત્તિ પાછી ઠેલી. અંગ્રેજી મેસમાં જમવાનું પણ બંધ કર્યું. તેઓ જ્યારે લંડનથી પાછા ફર્યા ત્યારે દેશમાં સ્વતંત્રતાના આંદોલને જોર પકડ્યું હતું. તેઓ પણ તેમાં કૂદી પડ્યા. સરકારે પંજાબ કેસરી લાલા લજપતરાયની ધરપકડ કરી બર્માની જેલમાં ધકેલી દીધા. ધરપકડથી બચવા હરદયાળ પાછા લંડન આવતા રહ્યા. પણ અહીંયે જોખમ ઊભું થતાં પેરિસ ગયા. થોડો સમય પેરિસમાં રહ્યા, પરંતુ અહીંનું ખર્ચાળ જીવન તેમને ન પરવડતાં ત્યાંથી અમેરિકા ગયા. અહીં મજૂરી કરતા ભારતીયોને સંગઠિત કરી ગદર પાર્ટીની સ્થાપના કરી. પોતે કેલિફોર્નિયાની યુનિવર્સિટીમાં પ્રોફેસર બન્યા. ગદર પત્ર પણ શરૂ કર્યું. પરંતુ હરદયાળને અમેરિકા પણ સંઘરી ના શક્યું. તેમનાં ભાષણમાં રાજદ્રોહની ગંધ આવતા વોરંટ કાઢ્યું. ધરપકડથી બચવા તેઓ સ્વિટ્ઝર્લેન્ડ ભણી નાઠા. છૂપા વેશે ત્યાં છ મહિના રહ્યા. ત્યાંથી જર્મનીનો સહકાર મેળવવા જર્મની ગયા. શરૂઆતમાં જર્મનીએ ભારતની બાબતે રસ લીધો. પણ પછી તેનું વલણ નરમ પડ્યું. તેના નેતા સાથે ખટરાગ વધતાં હરદયાળે જર્મની પણ છોડવું પડ્યું. હવે ક્યાં જવુ? પછીનાં સાત વર્ષમાં તેમણે કેટલાય દેશો ખૂંદ્યા. આખરે ત્યાંથી સ્વિડન પહોંચ્યા. દુનિયાભરની રઝળપાટ કરીને તેમને વતન જવાની ઈચ્છા થઈ. નામ બદલી તેઓ સમુદ્રમાર્ગે ભારત આવવા નીકળ્યા. પરંતુ માર્સેલ્સ બંદરેથી પકડાઈ ગયા. પાછા લંડન જવું પડ્યું. હવે વતન જવું શક્ય નથી એમ માની તેમણે બ્રિટનમાં આજીવિકા રળી ગુજરાન ચલાવવા માંડ્યું. આશ્ચર્યની વાત એ છે કે સશસ્ત્ર ક્રાંતિના આ માણસ ભગવાન બુદ્ધના અહિંસાના સિદ્ધાંતથી ખૂબ પ્રભાવિત હતા. ભગવાન બુદ્ધના સિદ્ધાંતો અંગે પુસ્તક લખી પીએચ.ડી. કર્યું. લંડન યુનિવર્સિટીમાં અધ્યાપક બન્યા. ૧૯૩૮માં યુનિવર્સિટી તરફથી અમેરિકામાં મળેલી વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા તેમને મોકલવામાં આવ્યા. ત્યાં તેમનું હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થયું. દેશમાં સરકારે તેમની પ્રવેશબંધી હટાવી લેવાની જાહેરાત કરી ત્યારે દેશની જનતાને તેમના મૃત્યુના સમાચાર સાંભળવા મળ્યા. એમને ઝેર અપાયાની પણ શંકા સેવાતી રહી. માતૃભૂમિની મુક્તિ ઝંખતા આ ક્રાંતિકારીને માતૃભૂમિમાં છેલ્લા શ્વાસ લેવાનુંય સૌભાગ્ય ન સાંપડ્યું.

REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં રાજ્યભરમાં યોજાયેલ કાર્યક્રમોની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.